કબીર, અખો અને કવિ તેજની સાખી, દુહાઓનાં પદોનું વિભાજન કરીએ તો મુખ્ય નીચે મુજબના વિભાગો આપણને મળે. (૧) કોમી-ઐક્ય-સર્વધર્મ સમભાવ. (૨) રૂઢિભંજકતા. (૩) શીલ, સદાચાર, ચારિત્ર્ય ઘડતર. (૪) સામાજીક સમાનતા, ન્યાય. (૫) સાચો ધર્મ. (૬) વ્યસનમુક્તિ અને ચેતના જાગૃતિ.

અહીં ફરીથી કેટલાક પદો આપવાનો પ્રયત્ન કરું છું જેનો લગભગ સારાંશ સરખો જ છે. કેટલું તાદામ્ય અને સમનવય આ પદોમાં નિરખવા મળે છે. જીવનમાં આમાંથી થોડા પદોનો પણ સાર ઉતરે તો જીવન ધન્ય ધન્ય બની જાય...

**''પોથી પઢિ પઢિ જગમુઆ, પંડિત હુઆ ન કોય;**
**એ કૈ અક્ષર પ્રેમકા, પઢૈ સો પંડિત હોય''**

ભગવાન ઈશ્વરને મેળવવાનાં ઘણા રસ્તા છે, કેટલાક જ્ઞાન મારફતે, કેટલાક સત્કર્મ મારફતે, તો કેટલાક ભક્તિ મારફતે. પ્રભુને મેળવવા મથામણ કરે છે. પણ જ્યાં સુધી પ્રેમ અને ભક્તિભાવથી ભીનું હૃદય ન હોય તો પ્રભુ મળતો નથી.

કવિ તેજ આજ વાતને જરાક જુદી રીતે મુકે છે.

**''વિરથા સાસ્તર વાંચણા, વિરથા ઉપડેસ સોઆ;**
**જ ન હોય ધિલમેં ધરમ ને બઈ ધોઆ.''**

દિલમાં ધરમ (ભક્તિભાવ) અને ધોઆ (પ્રેમ)નો અભાવ હોય તો પ્રભુ મળતો નથી. તમે ગમે તેટલા શાસ્ત્ર વાંચો કે ઉપદેશો, વ્યાખ્યાનો ને સાંભળતા રહો...

વધુ આવતા અંકે...

## ભૂરી ભૂરી અનુમોદના... અનુમોદના... અનુમોદના...



પાપણ ઝુકેને તમને નમન થઈ જાય,
નયન ઝુકેને તમને વંદન થઈ જાય,
એવી નજર અમે ક્યાંથી લાવીએ કે,
તમને યાદ કરીએ તો દંડ પરિવારના
શ્રાવક શ્રાવિકાઓને આપના દર્શન થઈ જાય.

૮૧ વર્ષની જૈફ વયે ૪૪ વર્ષના સળંગ વરસીતપના આરાધક **સંઘશિરછત્ર, અચલગચ્છાધિપતિ**
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા ના એક્યાશીમા જન્મ દિવસ નિમિત્તે**
કચ્છ નલીયાતીર્થ - મુંબઈ ઘાટકોપર (અનંતછાયા) નિવાસી
**સંઘમાતા માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવારે**
**હ. સમીર લક્ષ્મીચંદ નાગડા પરિવારે**
રજત તુલાનો લાભ લઈ અપૂર્વ ગુરુભક્તિ પ્રદર્શિત કરી અને શ્રી ગચ્છ ગુરૂ શાસનનું નામ રોશન કર્યું.
તે બદલ અમારો પરિવાર **શ્રી નરશી જેઠાભાઈ દંડ**
ભૂરિ ભૂરિ અનુમોદના કરી હર્ષની લાગણી અનુભવે છે.

UPASANA-9820167767

## મહાવીર ગ્રુપ (માટુંગા સે.રે.)

**MAHAVIR BUILDING COMPOUND, BHANDARKAR ROAD, MATUNGA (C.R.)**

## દશેરા - દિવાળી સેલ ધમાકા

**મંગળવાર તા.૧૬-૧૦-૧૨ થી મંગળવાર તા.૧૩-૧૧-૧૨**

## મહાવીર સાડી - ફોન 24021818

## સેલ (૨૦%) Discount

- પ્યોર પ્રિન્ટેડ ક્રેપ જ્યોર્જેટ
- પ્રિન્ટેજ કોટા તથા એમ્બ્રોયડરી અવરગંડી
- રીયલ પટોળા, બનારસી તથા ગઢવાલ
- Heavy Woven કોટન તથા ફેન્સી એમ્બ્રોયડરી
- ઇ જ્યોર્જેટ એબ્રોયડરી સાડી
- પ્યોર સિલ્ક, પસ્મીના સિલ્ક પ્રિન્ટેડ
- Whiteમાં White ફેન્સી એમ્બ્રોયડરી સાડી
- Lucknow Heavy Chicken Embroidery સાડી તથા પંજાબી સુટ
- પ્રિન્ટેડ તથા ફેન્સી એમ્બ્રોયડરી ડ્રેસ મટીરીયલ - બાંધણી તેમજ લખનવી વર્ક

**ALL DAYS OPEN UPTO DIWALI**

॥ નમો નમઃ શ્રી ગુરૂ ગુણસાગરસૂરીજી ॥

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

### તથા રાષ્ટ્રસંત શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા જન્મ શતાબ્દિ મહોત્સવ સમિતિ આયોજીત

ગુરૂ ગુણ ૨૪મી પુણ્યતિથી નિમિત્તે ભા.વ.૩૦, આસો સુદ૧-૨ **તા.૧૪-૧૫-૧૬/૧૦/૧૨**ના સામુહિક અઠ્ઠમતપનું આયોજન કરવામાં આવેલ છે. પૂ.ગુરૂદેવના જન્મશતાબ્દિ વર્ષને વર્ષીતપના તપ દ્વારા ૧૪૦૦ ભાગ્યશાળીઓ આનંદપૂર્વક મનાવી રહ્યા છે. ત્યારે પૂ.ગુરૂદેવની પુણ્યતિથીએ વધુને વધુ સંખ્યામાં અઠ્ઠમતપમાં જોડાઈ તપ ધર્મનો જયજયકાર કરી પૂ.ગુરૂદેવને સાચી શ્રધ્ધાંજલિ અર્પીત કરીએ.

જન્મ શતાબ્દિ મહોત્સવ સમિતિ દ્વારા નીચેના સ્થળોએ પારણાં/પ્રભાવના કરવામાં આવશે.

પારણાનો પાવનકારી દિવસ : આસો સુદ - ૩, **તા.૧૭-૧૦-૧૨**

**❋ પારણાના મંગલધામ ❋**

**ચીંચબંદર :** શ્રી ક.વિ.ઓ.દે.મહાજનવાડી, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૯

**માટુંગા :** શ્રી માટુંગા કચ્છી મુર્તિપુજક શ્વેતામ્બર જૈન સંઘની નારાણજી શામજી વાડી, ભાઉદાજી રોડ, માટુંગા

**ઘાટકોપર :** શ્રી ક.વિ.ઓ.દે. મહાજન સંચાલિત જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર, દેરાસર લેન, ઘાટકોપર (ઈ)

**મુલુંડ :** શ્રી વાસુપૂજ્યસ્વામિ જૈન દેરાસર, ઝવેર રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦

**ડોંબિવલી :** શ્રી અચલગચ્છ જૈન સંઘ, સુવિધિનાથ દેરાસર, માનપાડા રોડ, ડોંબિવલી (ઈ)

**બોરીવલી :** શ્રી સંભવનાથ જૈન દેરાસર, જાંબલી ગલી, બોરીવલી (વે)

**નાલાસોપારા :** શ્રી નાલાસોપારા (સ્ટે.) અચલગચ્છ જૈન સંઘ, મહેશ પાર્ક, તુલીંજ રોડ, નાલાસોપારા (ઈ)

**લિ. ગુરૂ ગુણ જન્મશતાબ્દિ મહોત્સવ સમિતિ**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

## અનંતનાથ કોમ્પ્લેક્સમાં નવરાત્રિ-શરદપુર્ણિમા ઉજવણી

શ્રી અનંતનાથજી કો-ઓપ.હા.સોસાયટી તરફથી નવરાત્રીમાં દરરોજ બપોરે ૪ કલાકેથી મહાકાળી માતાજીની ભાવના કોમ્પ્લેક્ષના પટ્ટાંગણમાં ભણાવવામાં આવશે.

દરરોજ અંબેમાતાજીની પહેલી આરતી સાંજે ૭ કલાકેથી શરૂ થશે. સાંજે ૭.૩૦ થી માતાજીના ગરબા તથા દાંડીયારાસ શરૂ થશે. રાત્રે ૧૦ વાગે રાસ ગરબાની પૂર્ણાહુતી બાદ આરતી કરવામાં આવશે. કાર્યક્રમ બાદ નાસ્તા-અલ્પાહાર, પ્રસાદનો લાભ રાખવામાં આવશે.

આઠમના ૭.૩૦ કલાકે પહેલી આરતી બાદ વિવિધ રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. જેમાં રાસ ગરબા-દાંડીયા, ગજીઓ-તાબડીરાંધ, સાંસ્કૃતિક વેશભુષા વિગેરે વિવિધ હરીફાઈઓ યોજાશે. જેમાં ઉત્તમ રજુઆત કરનારા વ્યક્તિ અથવા ગ્રુપ ઈનામને પાત્ર ઠરશે. જેના ઈનામો શરદ પૂર્ણીમા **તા.૪-૧૧-૧૨**ના કાર્યક્રમમાં અપાશે. આ આયોજન કોમ્પ્લેક્ષના પરીસરમાં આવેલ ફ્લેટધારકો, પરિવારો અને ગાળાધારકોના યોગદાનથી કરેલ છે. હરીફાઈના નિર્ણાયકો તરીકે પરબ શક્તિ સંજીવની સોસાયટીની અધિકારી બહેનો લાભ આપશે.

સર્વે કાર્યક્રમોમાં પધારવા મહેમાનોને ભાવભર્યું આમંત્રણ છે. તા.૪-૧૧-૧૨ના શરદપુર્ણિમાએ સ્વરૂચી ભોજન ૭ કલાકે રહેશે (ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.) એ દિવસે વ્યક્તિ વિશેષ તથા અન્ય બહુમાન, ઈનામ વિતરણ અને રંગારંગ કાર્યક્રમો યોજેલ છે.



**આયોજન : શ્રી અનંતનાથજી કો.ઓ.હા.સોસાયટી લિ.**

**શ્રી ચેતન હિરાચંદ નાગડા (ચેરમેન)-9320063732**

**શ્રી પ્રફુલ મુલજી ધરમશી (સેક્રેટરી)-9220507292**

**શ્રી મનીષ ધ્રોળ (ખજાનચી), શ્રી જયચંદ વિશનજી ધરમશી (કારોબારી સભ્ય)**

**નવરાત્રી કન્વીનર શ્રી ખુશાલ શામજી નાગડા તથા ટીમ સભ્યો.**

**શ્રી શત્રુંજય મહાતીર્થે, શાંતિનાથ પ્રભુના સાનિધ્યે, શાસનદેવી ચક્રેશ્વરીદેવી સન્મુખ, ચક્રેશ્વરીદેવી મહાપુજન પ્રસંગે... આરાધના અનુષ્ઠાનમાં સહભાગી થવા સૌને**

## ભાવભર્યુ આમંત્રણ

**શુભદિન : આસો સુદ ૮ તા.૨૨-૧૦-૨૦૧૨ના સોમવારે**

શત્રુંજય ગીરીરાજની ગરવી ગાથાની અદ્‌ભુતતાને વધારનારી, કર્માશાના કુળની રક્ષા કરનારી, ગીરીરાજના જિર્ણોધ્ધારમાં કર્માશાને સહાય કરનારી, આદિનાથ પ્રભુની અધિષ્ઠાયિકા, શ્રી ચક્રેશ્વરીદેવી પૂર્વના ઘણાં ૨૨ વર્ષોથી જેમના બિરાજમાન સ્થાને ચક્રેશ્વરી પૂજન ભણાવવામાં આવે છે તે ચક્રેશ્વરી પૂજનમાં આપ સર્વે પધારી શાસનરક્ષા, તીર્થરક્ષા અને તીર્થભક્તિમાં સહભાગી બનો એવી ભાવનાથી ભાવભર્યું આમંત્રણ. પૂજનમાં પધારેલા સર્વે તીર્થરક્ષક ભક્તોને સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી છે.

**મુંબઈથી સંઘ સ્થાન શનિવાર, ૨૦-૧૦-૨૦૧૨ના**
**પાલીતાણાથી મુંબઈ પ્રસ્થાન તા.૨૨-૧૦-૨૦૧૨ના**
**ઇચ્છુકોને ડીપોઝીટ રૂપિયા ૫૦૧/- ભરીને સંપર્ક કરવા વિનંતી છે.**

**-: સંપર્ક :-**

**Dimple Khona - 97020 86027 • Kamlesh Soni - 98698 36045**



**॥ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

***અચલગચ્છનાં આંગણે દીવો રે..***
***તપસ્વી ગુરૂરાજ દીર્ઘાયુ જીવો રે...***

કચ્છ, ગચ્છ અને સમાજના અનંત ઉપકારી, સળંગ ૪૪ વર્ષના વરસીતપ આરાધક, અચલગચ્છાધિપતિ પૂ. ગુરૂદેવ પૂ.આ **શ્રી ગુણોદય સાગરસુરીશ્વરજી મ.સા.**ના ૮૧મા જન્મદિન નિમિતે **સંઘમાતા માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવાર** (નલીયા-ઘાટકોપર) હ. શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડાએ પૂજ્યશ્રીની રજતતુલા વિધિનો અણમોલ લાભ લઈ અનન્ય ગુરૂભક્તિ ભાવના દર્શાવી છે. એ ગૌરવ અવસરની ભૂરીભૂરી અનુમોદના...

તેમના ૮૧મા જન્મોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીને કોટિશઃ વંદના સહ
પરમ સુખ-શાંતિ-નિરામયતાની શુભેચ્છાઓ...

**અનુમોદના અભિલાષી**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જાલના**

## નવમ શતાબ્દિ પ્રસંગે : અચલગચ્છ પ્રવર્તક પૂ.આ.શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.સા. *-રશ્મિબેન ભેદા (વિલેપાર્લે)*

આ. આર્યરક્ષિતસૂરિ નામે બે યુગપ્રવર્તક આચાર્યો થઈ ગયા છે. પહેલા આર્યરક્ષિતસૂરિ પૂર્વધર શ્રી વજ્રસ્વામીના શિષ્ય અને ૧૯મા યુગપ્રધાન હતા. બીજા આર્યરક્ષિતસૂરિ અચલગચ્છના પ્રવર્તક હતા. આ બંને આચાર્યો ઈતિહાસ સર્જી ગયા છે. બંનેએ જૈન શાસનમાં પ્રવેશેલા શિથિલાચારને દૂર કરવા કાર્ય કર્યું છે. આર્યરક્ષિતસૂરિ એક યુગપ્રવર્તક પુરૂષ હતા. પ્રાચીન શ્રમણ સંસ્કૃતિના હાસ અને સુંદર આચાર પદ્ધતિઓનો પ્રારંભ આર્યરક્ષિતસૂરિના શાસનકાળમાં જ થવા માંડ્યો હતો એમ કહીએ તોય ચાલે.

અચલગચ્છ પ્રવર્તક આર્યરક્ષિતસૂરિના સમયમાં ચૈત્યવાસીઓનો પ્રભાવ અનન્ય હતો. એ સમયે શિથિલાચારી ચૈત્યવાસી સાધુઓના હાથમાં જ શાસનનો દોર હતો. અલબત્ત સુવિહિત સાધુઓ પણ હતા. પરંતુ એમનું વર્ચસ્વ નામશેષ જેવું રહ્યું હતું. એ જ વખતે આર્યરક્ષિતસૂરિએ કોઈ પણ જાતની બાંધછોડ કર્યા વિના મોક્ષલક્ષી આચારોમાં શિથિલ થતા જતા શ્રમણ સમુદાયને મૂળ માર્ગે વાળવા માટે આગમોક્ત સમાચારી સહ વિધિમાર્ગ અનુસરવાની ઉદ્‌ઘોષણા કરી. પોતાના ઉદાત્ત ચારિત્રના પ્રભાવે ચૈત્યવાસના અંધારા ઉલેચ્યાં અને સુવિહિત વિધિમાર્ગની પુનઃપ્રતિષ્ઠા કરી. જેની પરંપરા આજ દિવસ સુધી અવિચ્છિન્નપણે ચાલુ છે. એમણે જૈન ધર્મના ઉચ્ચ સિદ્ધાંતોની જાળવણીમાં ભગીરથ પુરુષાર્થ કર્યો. **આગમોની પ્રધાનતા સ્વીકારીને ૭૦ બોલની પ્રરુપણા કરી. વિધિપક્ષ ગચ્છ** પ્રકાશ્યો જે આજે અચલગચ્છ તરીકે ઓળખાય છે. વિધિપક્ષ ગચ્છ નામ એટલે પાડ્યું કે ચૈત્યવાસીઓએ જૈન શાસનમાં જે અવિધિ કરી નાખેલ તેનો પુનઃ વિધિ આચરનાર એ વિધિપક્ષ ગચ્છ.

જૈન શ્વેતાંબર સંઘોમાં અનેક ગચ્છોનુ અસ્તિત્વ રહ્યું છે. શ્વેતાંબર સંઘ જે સ્વરૂપમાં આજે વિદ્યમાન છે. તે સ્વરૂપના નિર્માણમાં અચલગચ્છના શ્રમણો અને શ્રાવકોનો ઉલ્લેખનીય હિસ્સો છે. વિદ્યમાન મુખ્ય ગચ્છોમાં પ્રાચીનતાની દ્રષ્ટિએ ખરતગચ્છ પછી આ ગચ્છનું સ્થાન છે.

"ગચ્છ" શબ્દ ભગવાન શ્રી મહાવીર સ્વામીના સમયમાં યોજાતા "ગણ" શબ્દનો પર્યાયિક શબ્દ છે. ગણ એટલે વાચના લેનાર મુનિ સમુદાય. કલ્પસૂત્રની સ્થવિરાવલિમાંથી આપણે જાણી શકીએ છીએ કે મહાવીરસ્વામીને નવ ગણો અને અગિયાર ગણધરો હતો. એક વાચનાવાળા શ્રમણ સમુદાયને પહેલા ગણ રૂપે ઓળખવામાં આવતો. કાલાંતરે ગચ્છ શબ્દ પણ એક જ સમાચારી પાડતા શ્રમણ સમુદાયને ઓળખાવવા માટે રૂઢ થયો. ગચ્છોમાં આચાર્યોની માન્યતાઓમાં કેટલીક શ્રુતજ્ઞાનની માન્યતાઓમાં પરસ્પર ભેદ દેખાય છે. પરંતુ તીર્થંકરોએ પ્રરૂપેલા મૂળ સિદ્ધાંતો કે નવતત્ત્વ, પંચાસ્તિકાય ઈત્યાદિ તત્ત્વ અંગેની માન્યતા એક સરખી જ રહી છે. જૈન શાસનમાં આજે અલગ અલગ ગચ્છો રહેલા છે અને આપણે આવી રીતે કલ્પના કરી શકીએ કે જૈન સંઘ એક વિરાટ વટવૃક્ષ છે. તેના તોતિંગ થડમાંથી શ્વેતાંબર અને દિગંબર એમ મુખ્ય બે શાખાઓ ઉદ્‌ભવી છે. એ શાખાઓમાંથી પણ ગચ્છો અને પેટા ગચ્છોની પ્રશાખાઓ ફૂટેલી છે. જૈન સંઘ આ રીતે જુદા જુદા ગચ્છો, સંપ્રદાયોમાં વિસ્તાર પામેલો હોઈ એ બધામાં એક જ પ્રકારનો રસ વહી રહ્યો છે. આ શાસનમાં વૃક્ષની શાખાએ શાખાએ, ડાળીએ ડાળીએ મહા પ્રભાવશાળી સત્પુરુષોના ઉત્તમ આચારોની સુવાસ ફેલાઈ રહી છે. એમાંથી જ એક મહાપુરુષ છે-અચલગચ્છના પ્રવર્તક આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિ.

અચલગચ્છ અને તપાગચ્છમાં શ્રી મહાવીરસ્વામી ભગવાનના પંચમ ગણધર આર્ય સુધર્માસ્વામીને આદ્ય પટ્ટધર ગણાવે છે. એ પ્રમાણે શ્રી આર્યરક્ષિતસૂરિ અચલગચ્છના ૪૭મા પટ્ટધર હતા અને તેમના ગુરુનું નામ જયસિંહસૂરિ હતું.

આર્યરક્ષિતસૂરિનો જન્મ આબુતીર્થની નજીક દંતાણી નગરમાં વસતા દ્રોણ શ્રેષ્ઠીના ઘરે પત્ની દેદીની કૂખે થયો. એમનું નામ **વયજા**-વિજયકુમાર હતું. વયજાકુમારના જન્મ પૂર્વે ગર્ભાધાનની રાત્રીએ માતા દેદીએ ઊગતા સૂર્યના તેજસ્વી કિરણનું સ્વપ્ન જોયું. દ્રોણ શ્રેષ્ઠી અને શ્રાવિકા દેદી શ્રાવક ધર્મના આચારો સારી રીતે પાળતા હતાં. ત્યારે જૈન આચાર્યોમાં પ્રસરેલી શિથિલતાથી તેમને ઘણું દુઃખ થતું. એકદા આચાર્ય જયસિંહસૂરિ પાલખીમાં બેસીને દંતાણી પધાર્યા ત્યારે આ દંપતી તેમના સામૈયામાં ન ગયાં. એ રાતે આચાર્યને શાસનદેવી ચક્રેશ્વરીએ સ્વપ્નમાં જણાવ્યું કે, દેદીના ઉદરમાં ગર્ભરૂપે જે જીવ ઉત્પન્ન થશે તે શાસનનો પ્રભાવ કરનારો અને શુધ્ધ વિધિમાર્ગનું પ્રવર્તન કરનારો થશે. બીજે દિવસે આચાર્યો દ્રોણ શ્રેષ્ઠીને બોલાવી સામૈયામાં ન આવવાનું કારણ પૂછ્યું ત્યારે દેદીએ તરત તેજસ્વી વાણીમાં સ્પષ્ટતા કરી કે "આપ શાસનના નાયક અને શાસ્ત્રોના જાણકાર હોવા છતાં પાલખી આદિ પરિગ્રહોને શા માટે ધારણ કરો છો? મહાવીર પ્રભુએ તો પરિગ્રહની મૂર્છા વિનાનો શ્રમણ ધર્મ કહ્યો છે." ત્યારે ગુરુ મહારાજે

સ્વપ્નની વાત કરી બાળકને સાસનને સમર્પિત કરવાની માગણી કરી. શ્રેષ્ઠી દ્રોણ અને તેના પત્નીએ જિનશાસનની પ્રભાવના માટે આ માગણી સહર્ષ સ્વીકારી.

વયજાકુમારનો જન્મ વિ.સં.૧૧૩૬ શ્રાવણ સુદ-૯ના દિવસે થયો. સં. ૧૧૪૨માં વડગચ્છની શંખેશ્વર ગચ્છરૂપ શાખાના જયસિંહસૂરિ કરીને દંતાણી નગરે પધાર્યા. ત્યારે શ્રેષ્ઠી દંપતીએ પોતાના વચન પ્રમાણે વયજાકુમારને આચાર્યશ્રીને સોંપ્યો. સં. ૧૧૪૨ વૈશાખ સુદ અષ્ઠમીનાં અમને દીક્ષા આપી હવે એ સંસારી મટી મુનિ વિજયચંદ્ર બન્યા. હાલે એઓની આબુતીર્થ નજીકની જન્મભૂમિ દંતાણીનો તીર્થોધ્ધાર કરાયેલ છે.

દીક્ષા સ્વીકાર્યા બાદ ગુરુની નિશ્રામાં તેઓએ વ્યાકરણ કાવ્ય છંદ, અલંકાર, ન્યાયનો અભ્યાસ કર્યો. જિનાગમોના વાંચનનો પ્રારંભ કર્યો સં.૧૧૫૯માં ત્રેવીસ વર્ષની યુવાવયે તેમને ગુરુે આચાર્ય પદથી અલંકૃત કર્યા. ત્યારબાદ અલ્પ સમયમાં જ તેઓના જીવનમાં પરિવર્તન આણનાર એક ઘટના બની એક વખત **દશવૈકાલિકસૂત્રનો અભ્યાસ.** સ્વાધ્યાય કરતાં એક ગાથાના અર્થમાં મન સ્થિર થયું. જેનો સાર એવો છે કે, ચારિત્રવાન સાધુએ ઉકાળ્યા વિનાનું પાણી વર્ષેલું પાણી, તથા બરફ ગ્રહણ કરવા નહીં. પરંતુ ઉકાળેલું પ્રાસુક જલ ગ્રહણ કરવું આ ગાથા મનનથી એમને થયું કે આપણે ચારિત્રવાન સાધુ હોવા છતાં શાસ્ત્રોમાં નિષેધ કરેલા સચિત્ત પાણી તથા આધાકર્મી આહાર આદિને કેમ સેવીએ છીએ? પોતાની શંકા તેમણે વિનયપૂર્વક ગુરુ આગળ વ્યક્ત કરી. જેના જવાબમાં ગુરુ એ જણાવ્યું કે, આજકાલ પંચમ આહારના પ્રભાવથી આપે શાસ્ત્ર પ્રણિત શુદ્ધ ચારિત્ર પાળવાને અસમર્થ છીએ અને તેથી જ આપણે કાચા સચિત્ત પાણી આદિને વાપરીએ છીએ. આ સાંભળીને વૈરાગ્યથી યુક્ત વાણીમાં વિજયચંદ્ર ઉપાધ્યાયે (આર્યરક્ષિતસૂરિએ) કહ્યું કે, જો આપની આજ્ઞા હોય તો હું ચારિત્ર માર્ગનો સ્વીકાર કરીને શુદ્ધ ધર્મની પ્રરૂપણા કરું. આ સાંભળી ગુરુને થયું કે, શાસનદેવીએ કહેલું વચન સત્ય થશે કેમ કે આર્યરક્ષિતસૂરિ ક્રિયોદ્ધાર કરીને શુદ્ધ વિધિમાર્ગનો પુનરોદ્ધાર કરશે. યોગ્ય જાણીને ગુરુએ આજ્ઞા આપી ગુરુની અનુજ્ઞા મેળવી. આર્યરક્ષિતસૂરિએ આચાર્યપદનો ત્યાગ કર્યો. ગુરુના અત્યંત આગ્રહથી ઉપાધ્યાયપદે રહી કિયોદ્ધાર પૂર્વક, શુદ્ધ આચાર પૂર્વક કેટલાક સંવેગી મુનિઓ સાથે સં. ૧૧૫૯ના મહા સુદ-૫ના દિવસથી તેઓ જુદો વિહાર કરવા લાગ્યા.

આવી રીતે દશવૈકાલિકના સૂત્રની એક જ ગાથાએ ઉપાધ્યાય **વિજયચંદ્ર મુનિ**ના જીવનમાં મહાન પરિવર્તન આણ્યું. એના પછી વિજયચંદ્ર ઉપાધ્યાય સાધુના શુદ્ધ આચાર પાળવા લાગ્યા. તેઓ લાટ આદિ દૂરના પ્રદેશોમાં વિચરવા લાગ્યા. લાટ વગેરેના ઉગ્રવિહારો દરમિયાન તેમણે અનેક પ્રતિકૂળતાઓ સહન કરી. આ વિહાર દરમિયાન તેમણે શુદ્ધ આહાર પાણી ન મળતાં અસૂઝતા આહાર પાણી વહોરતા નહીં અને સમતાપૂર્વક તપોવૃદ્ધિ કરતા. તેમને લાગ્યું કે, આચાર, શિથિલતા અને અજ્ઞાનતાના મૂળ ધાર્યા કરતાં ખૂબ ઊંડાં છે તેને દૂર કરવા. પુરુષાર્થ કરવો પડશે. એટલે તેમણે ઉગ્રતપ અને સાધનાનો માર્ગ પસંદ કર્યો વિહાર કરતાં તેઓ પાવાગઢ પર્વત પર પહોચ્યા. ત્યાં ભગવાન મહાવીર જિનપ્રસાદમાં દર્શન કરી સાગરિક સંલેખનાને ઇચ્છી ઉગ્ર તપ આરંભ કર્યો. એક માસ સુધી તપ ચાલ્યું.

આવી રીતે ચૈત્યવાસની ગર્તામાં ડૂબેલા સમાજને આર્યરક્ષિતસૂરિએ કઠોર તપ તપીને આગમોક્ત શ્રમણ આચારો સ્વયં આચરીને સાચો માર્ગ બતાવ્યો. આગમ પ્રણિત એ માર્ગ આચરવામાં એમને સતત એક મહિના સુધી શુદ્ધ આહાર પ્રાપ્ત ન થયો. છતાં તેઓ પોતાના માર્ગમાં મક્કમ રહ્યા અને સાબિત કરી બતાવ્યું કે, દુષમકાળમાં પણ શુદ્ધ શ્રમણાચાર આચરી શકાય છે. તે વખતે એવી માન્યતા રૂઢ થઈ હતી કે, આગમપ્રણિત સમાચારી તો ચોથા આરા માટે છે. પાંચમા આરામાં તે આચરવી દુષ્કર છે. પરંતુ આર્યરક્ષિતસૂરિએ આ માન્યતાનું ખંડન શાસ્ત્રોના પ્રમાણો ટાંકીને પોતે શુદ્ધાચાર પાળીને કર્યું. સં. ૧૧૬૯માં જયસિંહસૂરિએ વિજયચંદ્ર ઉપાધ્યાયને આચાર્યપદ આપ્યું. અને એમનું નામ આર્યરક્ષિતસૂરિ રાખ્યું. એમણે આગમમાન્ય ૭૦ બોલની પ્રરૂપણા કરી અને વિધિપક્ષ ગચ્છનું પ્રવર્તન કર્યું. શ્રી આર્યરક્ષિતસૂરિએ પ્રરૂપેલ આ સમાચારી આગમમાન્ય હોવાથી અનેક ગચ્છોએ એ સમાચારીનો આદરપૂર્વક સ્વીકાર કર્યો. અચલગચ્છની સમાચારી અંગેનું મંતવ્ય આપણને મહેન્દ્રસિંહસૂરિ કૃત સંસ્કૃત બૃહદ શતપદીગ્રંથમાંથી મળે છે. એમાં બધા મળીને ૧૧૭ વિચારો છે. તેમાંથી મુખ્ય વિચારો નીચે મુજબ છે. – **"સાધુ જિનબિંબની પ્રતિષ્ઠા ન કરાવે. દીપૂજા, ફળપૂજા, બીજપૂજા કે બલિપૂજા ન કરવી."** અક્ષતપૂજા કે પત્રપૂજા કરી શકાય. શ્રાવક સવારે-સાંજે એમ બે સમયે બે ઘડીનું સામાયિક કરે.

આ સમાચારી પાછળ ઐતિહાસિક ભૂમિકા એટલી જ છે કે તે કાળે ચારિત્રનો અભાવ હતો. લોકોને વ્રત-નિયમો-વિધિવિધાનો નિરસ લાગતા હતા. મોટા ભાગે સર્વત્ર શિથિલાચાર પ્રવર્તતો હતો. એ વખતે સુવિહિત

માર્ગની પ્રતિષ્ઠા કરવાની આવશ્યકતા હતી. એ વખતે શ્રી આર્યરક્ષિતસૂરિએ આગમપ્રણિત શુદ્ધ શ્રમણાચારને પુનઃપ્રતિષ્ઠા આપવા સૂચક કદમ ઉઠાવ્યું. એમણે એ બોલ ઉચાર્યા તે આગમપ્રણિત સિદ્ધાંતોના નિચોડરૂપ જ હતા.

આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી તેઓની નિશ્રામાં **યશોધન** શ્રાવકે શ્રી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢ્યો.. આ સંઘમાં શ્રી મહાકાલીદેવીએ શ્રી આર્યરક્ષિતસૂરિની સંયમ નિષ્ઠાની બે વાર પરીક્ષા કરી. આચાર્ય એમના સંયમમાં અચલ રહ્યા.. મહાકાલીદેવીએ પ્રસન્ન થઈ સંઘના અભ્યુદયનું વરદાન આપ્યું. શ્રી મહાકાલીદેવી અચલગચ્છની અધિષ્ઠાયિકા દેવી તરીકે ગણાય છે.

ત્યારબાદ શ્રી આર્યરક્ષિતસૂરિ વિહાર કરતાં **બેણપ** નગરમાં પધાર્યા.. ત્યાંનો **કંપર્દી** નામનો કોટ્યાધિપતિ વ્યાપારી આચાર્યના ઉપદેશથી પ્રતિબોધ પામ્યો અને સુદ્ધ શ્રાવક બન્યો. તેની સોમાઈ નામની પુત્રી જે એક કરોડ મૂલ્યના સોનાના ઘરેણા પહેરતી હતી આચાર્યનો ધર્મોપદેશ સાંભળી એ બધાનો ત્યાગ કરી પોતાની પચ્ચીસ સખીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી અને **સમયશ્રીજી** નામે વિધિપક્ષ (અચલ) ગચ્છના સર્વપ્રથમ મહત્તરા સાધ્વી થયાં. આ આર્યરક્ષિતસૂરિનો સમગ્ર પરિવાર આ પ્રમાણે મનાય છે - ૧૨ આચાર્ય, ૨૦ ઉપાધ્યાય, ૭૦ પંડિત શ્રમણો, ૨૧૦૦ સાધુ હતા. ૧૦૩ સાધ્વીઓને મહત્તરાપદ અને ૮૨ સાધ્વીજીને પ્રવર્તિની પદ અપાયેલું હતું. સમગ્ર સાધુ-સાધ્વીજીનો પરિવાર ૩૫૧૭ જેટલો હતો. જેમાં ૨૨૦૨ સાધુઓ અને ૧૩૧૫ સાધ્વીજીઓ હતાં.

**વિધિપક્ષગચ્છનું નામ અચલગચ્છ કેવી રીતે પડ્યું?"**

આ આર્યરક્ષિતસૂરિ સુપ્રસિદ્ધ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના સમયકાલીન હતા. એક વખત કુમારપાળ મહારાજાની સભામાં શ્રી હેમચંદ્રાચાર્ય આદિ ધર્મચર્ચા કરી રહ્યા હતા. તે વખતે કંપર્દી શ્રાવકો ઉત્તરાસંગના વસ્ત્રાંચલથી અર્થાત્ છેડાથી ભૂમિનું પ્રમાર્જન કરીને વંદના કરી. વંદનાની આ રીત જોઈ રાજાએ શ્રી હેમચંદ્રાચાર્યને પૂછ્યું કે. "વંદનાની આ વિધિ શાસ્ત્રોક્ત છે?" હેમચંદ્રાચાર્યે એ વિધિને શાસ્ત્રોક્ત કહી અને આર્યરક્ષિતસૂરિનો મહિમા કહ્યો કે, શ્રી સીમંધરસ્વામીના વચનથી શ્રી ચક્રેશ્વરી દેવીના કથન મુજબ શુદ્ધ ક્રિયાવાળા શ્રી આર્યરક્ષિતસૂરિ જિનાગમો માન્ય સિદ્ધાંતો પ્રમાણે વિધિમાર્ગને પ્રવર્તાવે છે. પછી આ સાંભળી કુમારપાળ રાજાએ વિધિપક્ષ ગચ્છને વસ્ત્રાંચલથી વંદન વિધિ કરવાથી "અચલગચ્છ" તરીકે ઓળખાવ્યો ત્યારથી આ ગચ્છ અચલગચ્છ નામે પ્રસિદ્ધ થયો અને આજ સુધી એ જ નામથી ઓળખાતો રહ્યો છે.

શ્રી આર્યરક્ષિતસૂરિએ વિધિમાર્ગનું પ્રવર્તન પોતાના વિદ્યા અને તપના બળથી ચારે તરફ કરી ગચ્છનો ખૂબ વિસ્તાર કર્યો. એમણે ગુજરાત, સિંધ, કચ્છ, મારવાડ, માળવા, ઉત્તર અને દક્ષિણ ભારતના અનેક પ્રદેશોમાં વિહારો કરી અનેક પરિવારોને ધર્મમાં સ્થિર કર્યા અને તેઓના ઉપદેશથી અનેક સ્થળે જિનમંદિરોનું નિર્માણ થઈ તેઓના હાથે પ્રતિષ્ઠા થઈ. અનેક જાતિઓના મનુષ્યોને પ્રતિબોધ આપી જૈન બનાવી અનેક ગોત્રો સ્થાપ્યા.. જેના અનયાયીઓ સેંકડોની સંખ્યામાં રાજસ્થાન, ગુજરાત, કચ્છમાં વિદ્યમાન છે. તેમના પ્રભાવથી ઘણાં રાજાઓએ જૈન ધર્મ સ્વીકાર્યો. સિંધના પારકર દેશના મહિપાલ રાજા અને મારવાડના પરમાર વંશીય રાજા હમીરજીએ જૈન ધર્મ સ્વીકાર્યો તેઓના પરિચયથી દિલ્હીનો રાજા પૃથ્વીરાજ પણ જૈન ધર્મ પ્રત્યે વિશેષ આકર્ષાયો હતો. એમના ઉપદેશથી અનેક ધર્મકાર્યો થયાં. સં. ૧૨૨૯માં ૯૧ વર્ષની ઉમરે એમનો દેહોત્સર્ગ થયો. મેરુતુંગસૂરિ રચિત પટ્ટાવલિમાં તેઓ ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સં. ૧૨૩૬માં સાત દિવસનું અનસન કરી બેણપમાં સમાધિપૂર્વક દેવલોક ગયા એવો ઉલ્લેખ છે. તેમની વિદાયથી જિનશાનને એક મહત્વનો આધારસ્તંભ ગુમાવ્યો. એવા અચલગચ્છપ્રવર્તક પૂ.આ.ભ.શ્રી આર્યરક્ષિતસૂરિને કોટિ કોટિ વંદન.

**કાવ્ય-પ્રકાશ : ધરમ જે પ્રકાશજો પવન પણ ભલો**

કચ્છ જે પંજોષણ જો રંગ પણ ભલો
ભાવિકેંજી તપસ્યા જો સંગ પણ ભલો
આંજો મણીજો સાથ મલ્યો અસાંકે,
અસાંલા ઈ સત્સંગ પણ ભલો
કચ્છમેં ગામેગામ ભેરા થયા પાંજા ભાવર
સપને કે પધરાય ને ઝુલાયજો પ્રસંગ પણ ભલો
ઘણેં ઉંચા અઈ આંજા પણ ભાવ...
આંજે મઠ્ઠે પ્રેમ જો વજન પણ ભલો!
રોજ રોજ ભધલેંતા કાંચીડેં જા રંગ
રંગ કે ભધલે જો ઢંગ પણ ભલો
હાણેં અંસી પણ આંજે રંગમેં રંગજી વ્યાસીં,
ઇ અસાંજો વંગ પણ ભલો !
દર વરે વધેતી ધરમજી લાગણી ભાવના,
વતનજી રજ જો હર કણ પણ ભલો
"મિચ્છામી દુક્કડમ" મંગોતા સચ્ચે મનસેં,
ધરમજે **પ્રકાશ** જો પવન પણ ભલો..

**- *ચીમનલાલ ડી. મોમાયા (સેંધવા)***

## SOCIAL SECURITY AND SOCIAL RESPONSIBILITY *-Bharat L. Dharamshi (Hubli)*

Every individual desire security for self and dependants. The concept of social security had emerged through a long period of evolution . Its history is as old as history of Man . With passage of time, both nature and contingencies as well as methods developed to meet them, changed a great deal. The concept is very old and it finds mention in many Histories, Literature as also in India. The Raja or Rulers did take care of their people or praja.

When a set of benefits are available from State, Civil Society and House Holds through a combination of these Agencies, to the individual/ house old to reduce the untold misery due to sudden untimely death of bread earner or due to prolonged illness it is termed as Social Security.

Government of India has introduced many schemes such as Employees Provident Fund [EPF], Workman's Compensation Act, The Maternity Benefit Act 1961 [ 12 Weeks wages provided during Maternity], the payment of Gratuity [provides wages 15 days for each year of service to employee] Provident Fund and others. There are many other Central Government of India Funded Schemes. These are funded by [a] Contribution by Employee [b] Contribution by Employer [c] Transfer from Government [d] Special Taxes [e] Donations from Charitable Trusts. In India it has taken deep routes. In Government Jobs, Pension is provided after retirement. Special Medical Insurance Schemes are drawn/ implemented by Central Government such as Mahatma Gandhi Bunker Bima Yojna, and Bima Yojna for various groups [almost 10 in Number ] . There are Medical Policies for Weaker Sections by General Insurance Companies , such as Jan Arogya Bima Policy, Kissan Package Policies.

These are all linked to Social Security, where the State Government and Central Government through their Agencies, the schemes are implemented. Here the state is taking care of its social ,responsibilities. In developed world, Social Security is well developed with deep Government Funding. In the context of our community our ancestors also had a deep respect of the social security concept. As required during those times, they built Temples, Schools, Dharmashalas, Student Hostels, Residential Building / Quarters, Marriage Halls and so on. Gold was kept in households as a means of social / personal security for any contingency .

Things have now changed. Individual now has to decide what he is going to do for his family as a means of social security. First and foremost he has to learn to develop the habit of saving - where they say - one rupee saved is two rupee earned. A plan has to be drawn for the saved amount and divided into groups like [a] Life Insurance [b] Medical Insurance [c] Compulsory P.P.F. or Pension Fund [d] then other Options, such as Mutual Fund, Shares

Real Estate / House and so on. With a little bit of discipline and planning , the future becomes secured . Provisioning for children education has to be done from the time of birth by obtaining a Child Education Insurance . These are all social security measures drawn by an Individual or Family Members.

The matter does not end here. As a Samaj or KDO Mahajan, we also have to share our social responsibility. There are large number of community members, who are deprived by natural compulsions. Here the responsibility of Samaj and Mahajans is imperative . They will have to get actively engaged in deriving new methods to address this social responsibility.

There are few examples cited, which could be evaluated, studied and implemented.

a) Social Security Scheme of KDO Community : [Established on 1990]. The scheme provides that by making a payment of around Rs.2,200/- which is one time payment , the individual becomes the member of the scheme. In the event of death prior to reaching 55 years , Rs. 60,000/- is paid to family . After 55 years money is refunded to individual . Out of around 27,000/- Community

Members, only around 9000 have opted for scheme. Bringing the entire Community into this scheme may require around RS. 4 Crores. Definitely all our Mahajans can afford this amount and the fund could also attract donations from Philanthropists . If the corpus is increased, then the disbursement of Rs.60,000/- could be increased to RS.1,00,000/- and the age limit could also be increased to 60 years.

b) Medical Insurance could be implemented at Local Mahajan Levels, as a compulsion , where every family in the respective place contributes to this Fund and Medical Insurance could be implemented at local level obtaining discounts in premium as a group .

c) Development of a National Level Education Fund . This also requires urgent attention as cost of Education is increasing by leaps and bounds.

d) Housing : Hubli City is an example , where residential flats where constructed by K.D.O. Hubli Mahajan and this benefit was given to the community . Similarly , other places could take such initiative.

e) These are few examples

Let all of us sit and ponder over the word social responsibility and social security. It will give us a deep awakening. Let us start a campaign , a campaign day-in day-out and this campaign will lead K.D.O. Samaj to great heights. Future generations will then take inspiration from this generation.

"Social Security ....reflects some of our deepest values--the duties we owe to our parents, the duties we owe to each other when we're differently situated in life, the duties we owe to our children and our grandchildren. Indeed, it reflects our determination to move forward across generations and across the income divides in our country and community." William J. Clinton, February 9, 1998.

God created all human beings, every human being is unique. As humans, lets shoulder our social responsibility, where future of our dear ones and brethren is secure.

***9448065124 E-mail : dharamshi.bharata@gmail.com***

**મહાવીર બંધેજ – ફોન : 24010597**

**મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, માટુંગા (CR)**

**SALE 20% Discount**

- પ્યોર ક્રેપ, જયોર્જેટ, સામો બાંધણી.
- પ્યોર ગજી, કોટન ગઢવાલ, કોટા બાંધણી.
- ઉપાડા, કટવર્ક ઉપાડા, તિલફી કેપ બાંધણી.
- ફેન્સી એમ્બ્રોયડરી બાંધણી તથા ચણિયા ચોળી
- ફેન્સી પાનેતર, બાંધણી, લહેરીયા
- રીયલ અને ટેસ્ટેડ ઘરચોળા, મલ્ટી ઘરચોળા
- જામેવાર તથા પટોળામાં ફેન્સી બાંધણી
- ઘરચોળા બાંધણી માટે ફેન્સી બોર્ડર તથા ડિઝાઈનર બ્લાઉઝ

**ALL DAYS OPEN UPTO DIWALI**

## સાધર્મિક સહાયતા કરતી સંસ્થાઓ

**પ્રસ્તાવના :** "પ્રકાશ-સમીક્ષા" સાપ્તાહિક જ્ઞાતિજનોના હિતાર્થે વિવિધ સમાજોપયોગી માહિતી એકત્ર કરી બહુજન હિતાય તેનું સંકલન-સંપાદન કરી જાહેર કરવા ચાહે છે. એટલે ઉચ્ચ શિક્ષણ, કારકીર્દી માર્ગદર્શન, તબીબી રાહત-સેવા અને સહાયતા તથા સાધર્મિક સહાયતા આપતી સંસ્થાઓ, કાર્યકરો અને સેવાઓની નોંધ સંકલન કરવાની ભાવના છે જેમની પાસે ઉપરોક્ત વિષયે અદ્યતન પુર્ણ માહિતી હોય તેમણે કાર્યાલયે અવશ્ય મોકલવા અનુરોધ છે. આ પ્રકારે કોઈ જરૂરીયાતમંદને માર્ગદર્શન-સંપર્ક સૂત્ર મળે અને તેમનું કામ સફળ થઈ જાય તો આપણી આ માધ્યમસેવા ઉપયોગી થશે. શિક્ષણ તબીબી અને સાધર્મિક ક્ષેત્રે જે કંઈ માહિતી સાહિત્ય હોય તેની નકલ જરૂરથી મોકલી આ અભિયાનમાં મદદરૂપ થશો એવી અભ્યર્થના. - ***"પ્રકાશ-સમીક્ષા"***

૧. **શ્રી માટુંગા વાસુપૂજ્ય જૈન ફાઉન્ડેશન**
શ્રી જીવણલાલ એ. જૈન જ્ઞાનમંદિર, નાથાલાલ પારેખ માર્ગ, અરોરા સિનેમા પાસે, કીંગસર્કલ, માટુંગા, મુંબઈ-૪૦૦૦૧૯ ફોન : ૨૪૦૧૭૪૫૦

૨. **શ્રી વિલેપાર્લા શ્વે. મૂ. તપાગચ્છ જૈન સંઘ એન્ડ ચેરીટીઝ**
૪૭, મહાત્મા ગાંધી રોડ, વિલેપાર્લા (ઈ), મુંબઈ-૪૦૦૦૫૭.
ફોન:૨૬૧૧૪૦૦૨/૨૬૧૧૬૨
દર રવિવારે સવારના ૧૦થી ૧૨

૩. **શ્રી જૈન એલર્ટ ગ્રુપ-ભાયખલા**
શેઠ શ્રી મોતીશા સાધર્મિકભક્તિ કેન્દ્ર, ૧૮૦/૨, શ્રી જૈન એલર્ટ ગ્રુપ ચોક, મોતીશા જૈન મંદિર પાસે, લવલેન, ભાયખલા,
મુંબઈ-૪૦૦૦૨૭. ફોન : ૨૩૭૯૧૫૮૬

૪. **શ્રી કુંથુનાથસ્વામી જૈન ફાઉન્ડેશન**
જૈન દેરાસર માર્ગ, ઓલ્ડ એન્ડ્રયુઝ રોડ, પોદાર હાયસ્કૂલ પાસો, સાંતાક્રુઝ (વે), મુંબઈ-૪૦૦૦૫૪
ફોન:૨૬૪૯૪૨૩૪
સવારે ૧૦ થી ૧૨

૫. **શ્રી નવજીવન શ્વે.મૂ.જૈન સંઘ**
શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન મંદિર, નવજીવન સોસાયટી, લેમિંગ્ટન રોડ, મુંબઈ-૪૦૦૦૦૮ ફોન: ૨૩૦૧૧૪૦૬/ ૨૩૦૫૪૦૧૫
રવિવારે સવારના ૧૦ થી ૧૨

૬. **શ્રી નમિનાથ જૈન ફાઉન્ડેશન**
સી/૧, પહેલા માળે, પ્રગતિ શોપિંગ સેન્ટર, મંછુભાઈ રોડ, સૂચક હોસ્પિટલ પાસે, મલાડ (ઈ), મુંબઈ-૪૦૦૦૯૭.
દર ગુરુવારે અને શનિવારે સાંજના ૮ થી ૯

૭. **શ્રી અભિનંદનસ્વામી જૈન ફાઉન્ડેશન**
માતુશ્રી રોહિણીબેન રસિકલાલ શાહ આરાધના ભવન, ૧૮૭, જૈન સોસાયટી, અભિનંદનસ્વામી જૈન માર્ગ, સાયન (વે), મુંબઈ-૪૦૦૦૨૨ રવિવારે સવારના ૯.૩૦ થી ૧૧

૮. **શ્રી સંભવનાથસ્વામી જૈન ફાઉન્ડેશન**
એ/૧, દીપદર્શન જૈન મંદિર પાસે, જાંબલી ગલી, બોરીવલી (વે), મુંબઈ-૯૨
દર બુધવારે અને શુક્રવારે સાંજના ૮ થી ૯

૯. **શ્રી ચંદ્રપ્રભસ્વામી જૈન ફાઉન્ડેશન**
મહા સુખ ભુવન, ૧૬, સરોજીની રોડ, વિલેપાર્લા (વે), મુંબઈ-૫૬. દર રવિવારે સવારે ૧૦ થી ૧૨

૧૦. **શ્રી વીરા દેસાઈ રોડ શ્વે. મૂ. જૈન સંઘ**
એ/૫૯, ગ્રાઉન્ડ ફ્લોર, કૃષ્ણ મંદિરની સામે, વીરા દેસાઈ રોડ, અંધેરી (વે), મુંબઈ-૪૦૦૦૫૮
દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ના

૧૧. **શ્રી સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ**
શ્રી સર્વોદય પાર્શ્વનાથ જૈન મંદિર, સર્વોદયનગર, નાહુર રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦
દર ગુરુવારે સવારના ૯ થી ૧૦

૧૨. **શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**
બી/૧૨, જોશી એપાર્ટમેન્ટ, લલ્લુભાઈ પાર્ક રોડ, અંધેરી (વે), મુંબઈ-૪૦૦૦૫૮
ફોન ૨૬૭૧૯૩૫૭ / ૨૬૭૧૨૬૩૧

૧૩. **શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન ફાઉન્ડેશન**
શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન મંદિર, નવરોજી લેન, ઘાટકોપર (વે), મુંબઈ-૪૦૦૦૮૬
દર બુધવારે અને શનિવારે સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦

૧૪. **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન ફાઉન્ડેશન**
૩/બી, ડો. દામજી સદન, જાધવ માર્ગ, પટેલ ચોક, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭
દર શુક્રવારે સાંજના ૭ થી ૯

૧૫. **શ્રી આદિશ્વર શ્વે. મૂ. જૈન સંઘ**
પ્લોટ નં.૮/એ, શ્રીનગર સોસાયટી, મહાત્મા ગાંધી રોડ, ગોરેગાંવ (વે), મુંબઈ-૪૦૦૦૬૨
દર રવિવારે સવારના ૧૦ થી ૧૧

**૧૬.શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક યુવક મહા સંઘ**
C/o. સંભવ ફાયનાન્સ, શોપ નં.૩, પ્લોટ નં.૮૦, રોડ નં.૪, દેરાસર લેન, જવાહરનગર, ગોરેગાંમ (વે), મુંબઈ-૬૨. દર સોમવારે સાંજના ૮ થી ૯

**૧૭.દહાણુંકરવાડી મૂર્તિપૂજક જૈન સંઘ**
શુભકામના બિલ્ડીંગ, મહાવીરનગર, દહાણુંકર વાડી, કાંદીવલી (વે), મુંબઈ દર શનિવારે રાત્રીના ૯ થી ૧૦

**૧૮.સાધર્મિક ઉત્કર્ષ અભિયાન**
C/o. શ્રી રશ્મિભાઈ પી. શાહ, ૯, ત્રિમૂર્તિ બિલ્ડીંગ, અશોકનગર, રોડ નં.૨, જૈન મંદિર પાસે, કાંદીવલી (ઈ), મુંબઈ દર શુક્રવારે રાત્રે ૮ થી ૯

**૧૯.શ્રી વર્ધમાન સાધર્મિક ભક્તિ કેન્દ્ર**
રૂમ નં.૨, રામ નિવાસ ચાલ, મ્યુનિસિપલ સ્કૂલ સામે, રેલવે ફાટકની સામે, દહીસર (વે), મુંબઈ-૪૦૦૦૬૮ દર રવિવારે સવારના ૧૦ થી ૧૨

**૨૦.શ્રી મરીનડ્રાઈવ જૈન સંઘ**
મરીન ડ્રાઈવ, મુંબઈ

**૨૧.શ્રી આદિશ્વર જૈન સંઘ-પરેલ**
શ્રી ભરત ચક્રવર્તી સાધર્મિક વાત્સલ્ય કેન્દ્ર, લક્ષ્મીકૃપા, મેરવાનજી સ્ટ્રીટ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨. દર રવિવારે સવારના ૧૦ થી ૧૨

**૨૨.શ્રી કલ્યાણ મંદિર ગ્રુપ**
(શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન ફાઉન્ડેશન સંચાલિત) એ/૧, સર્વોદય સોસાયટી, સાંઈનાથ નગર, ઘાટકોપર (વે), મુંબઈ-૪૦૦૦૮૬

**૨૩.નવકાર મિત્ર મંડળ**
શોપ નં.૩, સંતકૃપા બિલ્ડીંગ, પંડિત સોલીસીટર રોડ, મલાડ (ઈ), મુંબઈ.
મંગળવારે રાતે ૮થી ૯ દર રવિવારે સવારના ૧૧ થી ૧૨


Nalin Dagha Mob.+91 97691 11040

**THE MARVELLOUS MARBLES**
**Imported Composit Marble**
Krishna Mills Compound,
Opp. Spica Lane Restaurant, Link Road,
Mulund (W), Mumbai-400080.
Email : tmmarble1@gmail.com


**૨૪.શ્રી ગૌતમસ્વામી જૈન ફાઉન્ડેશન**
લીબર્ટી ગાર્ડન મૂર્તિપૂજક જૈન સંઘ, ગાર્ડન રોડ નં.૩, આનંદ કલ્યાણ, મલાડ (વે) દર રવિવારે રાત્રે ૯.૩૦ વાગે

**૨૫.શ્રી નેમિસૂરિ જૈન ફાઉન્ડેશન**
C/o. શ્રી નરેન્દ્રભાઈ પ્રતાપરાય દોશી, બી/૧૫, રાખી એપાર્ટમેન્ટ, તિલક રોડ, નમિનાથ દેરાસર, ડોંબિવલી (ઈ)-૪૨૧૨૦૧ ફોનઃ ૦૨૫૧-૨૪૩૪૫૮૩

**૨૬.શ્રી ગોવાલીયા ટેન્ક જૈન સંઘ**
આરાધના ભવન, ૮૭ ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, ગોવાલીયા ટેન્ક, મુંબઈ-૪૦૦૦૩૬. ફોનઃ ૨૬૧૪૫૪૭૫

**૨૭.શ્રી આત્માનંદ જૈન સભા**
ખીમજી હેમરાજ છેડા સભાગૃહ, હેમભવન, ૩૯/૪૧, ધનજી સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ-૪૦૦૦૦૩.

**("નવકારનો રણકાર"માંથી સાભાર)**

***નોંધ : સાધર્મિક સહાયતા દરેક સંસ્થાના નિયમોને આધીન નિયત અરજીપત્રક કર્યેથી યથા યોગ્યરીતે મળી શકે છે. માહિતી ફેરફારને આધીન છે. વધુ પુછપરછ જાતે સંપર્ક કરીને કરી લેવી.***




**"જેલર"**

હાલ ઘાટકોપર (પૂર્વ) ખાતે તપાગચ્છ સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પૂ.આ.ભ.. અભયશેખરસૂરિ દ્વારા લિખિત પુસ્તક "જેલર" થોડા વખત પહેલાં મારા વાંચવામાં આવ્યું.

"મારી સાથે જ કેમ આવું થાય છે? દરેક વખતે મારે જ સહન કરવાનું? મારી ભૂલ નથી તો હું કેમ સહન કરૂં?" આવા અગણિત પ્રશ્નોના સચોટ સમાધાન સ્વરૂપ આ પુસ્તક દરેક જૈન-અજૈન વ્યક્તિએ ખાસ વાંચવા જેવું છે. ખૂબ જ સરળ શૈલીમાં રજૂઆત છે અને લેખ સાથે અપાયેલા દ્દષ્ટાંતો પણ અસરકારક છે. આ પુસ્તક વાંચીને ઘણાંના જીવનનો દ્દષ્ટિકોણ બદલાયેલ અનુભવાયો છે. (સંપર્ક ફોન : ૯૩૨૪૫૩૮૭૮૯)

**ઘાટકોપર** **- મુકેશ ચંદુલાલ શિયાડ**

★ SALE ● સેલ ★ SALE ● સેલ ★ SALE ● સેલ ★ SALE ● સેલ ★

# મહાવીર (માટુંગા સે.રે.)

**Mahavir Building Compound,**
**Bhandarkar Road, Matunga (C.R.)**

# દશેરા – દિવાળી સેલ ધમાકા

**મંગળવાર, તા.૧૬-૧૦-૧૨ થી મંગળવાર તા.૧૩-૧૧-૧૨**

## મહાવીર'સ એમ્બ્રોઈડરી

**24025070 / 65046030 / 8652239537**

## SALE 20% TO 50% Discount

- પારસી હેન્ડવર્ક, મશીનવર્કમાં સાડી અને કુર્તી
- ટેસ્ટેડ જરીની સાડી, ચણિયા ચોળી
- બટ કસબની સાડી તથા બોર્ડર
- ઘરચોળા, બાંધણી માટે કટવર્ક, કસબ, ગોટા તથા ફેન્સી ોર્ડર
- ઢાકાઈ, પારસી, ફ્રેન્ચ નોટ, કાશ્મીરી, લખનવી, કચ્છી ભરત, દેશી ભરત, શેડો વર્ક, તાર વર્ક, પીટ્ટા વર્ક જેવી અનેક વેરાયટી તૈયાર તેમજ ઓર્ડરથી બનાવી આપીશું.
- તમારી બાંધણી ઉપર હૈદ્રાબાદી મીરર વર્ક, બાદલા વર્ક, નાકા ટીકી, તાર વર્ક, પીટ્ટા વર્ક કરી આપીશું.
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટરેશન કરી મજુરી ઉપર ૨૦ ડીસ્કાઉન્ટ
- પ્લેઇન તથા ડાયેબલ સાડીમાં અનેક વેરાયટી

## સેમ્પલની સાડીઓમાં ૪૦% થી ૫૦% ડિસ્કાઉન્ટ

- જુની સાચી જરીની સાડી, ચણિયાચોળી, ઘરચોળા, બોર્ડર-સેલા સારા ભાવે વેચાતા લઈશું.

**ALL DAYS OPEN UPTO DIWALI**

★ SALE ● સેલ ★ SALE ● સેલ ★ SALE ● સેલ ★ SALE ● સેલ ★

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### નવી મુંબઈમાં જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક સભા

શ્રી સમસ્ત મહાજન, મુંબઈ મહાજન અને શ્રી ક.દ.ઓ. મંડળ-નવી મુંબઈના સંયુક્ત ઉપક્રમે જ્ઞાતિ જનજાગરણ સંપર્ક સભા રવિ. તા.૭-૧૦-૧૨નાં સાંજે ૪ વાગે ભૂમિરાજ કોસ્ટારીકા શાનપાડામાં યોજાઈ હતી. આ સભામાં સમસ્ત મહાજન ટ્રસ્ટબોર્ડના છ ટ્રસ્ટીઓ, મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદા, નવી મુંબઈ મંડળના પ્રમુખ શ્રી ભુપેન્દ્ર દંડ, મુંબઈ મહાજનના માનદમંત્રી શ્રી ચેતન મોતા અને સભ્યો સહ સારી સંખ્યામાં જ્ઞાતિજનો પધારેલ. નવકારપઠન, દીપ પ્રાકટ્ય અને હારારોપણ બાદ કાર્યક્રમ શરૂ થયેલ. નવી મુંબઈ મંડળ વતી માનદમંત્રી સૌ. માલતીબેન હરીશ ઘરમશીએ કાર્યક્રમ સૂત્રસંચાલન કરેલ.

સમસ્ત મહાજનના ટ્રસ્ટી શ્રી કિરીટ લાપસીયાએ શ્રી વિનોદ ધુલ્લાને સમસ્ત મહાજનની રૂપરેખા આપવા જણાવેલ. શ્રી વિનોદભાઈએ સમસ્ત મહાજનના માળખા, ઉદ્દેશ્ય અને કાર્યવાહી વિષે સવિસ્તર માહિતી આપી. જ્ઞાતજિનોએ બેઠકમાં લવાદપંચ અને "પ્રકાશ સમીક્ષા" પત્ર વિષે સુચન-ફરીયાદરૂપે વિચારો રાખેલ જેના ઉકેલ માટે યથાયોગ્ય સુધારા કરવા જણાવેલ. શ્રી ભુપેન્દ્રભાઈ અને નયનભાઈએ "પ્રકાશ સમીક્ષા"ની માળખાકીય ગોઠવણ, વધુ રચનાત્મક સુધારાણા અને વિતરણ વ્યવસ્થામાં સુધારા કરવા સુચન કરેલ અને તે માટે જરૂરી યોગદાન આપવા તૈયારી દર્શાવી હતી. ચંપક જીવાણીએ પ્ર.સ.ની વિતરણ વ્યવસ્થા વિષે વિગતવાર માહિતી આપી હતી.

નવી મુંબઈ મંડળ દ્વારા પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છથી આવકાર-સન્માન થયેલ. અંતે સૌ.માલતીબેન ઘરમશીએ મંડળ વતી, શ્રી ચેતન મોતાએ મહાજન વતી અને શ્રી વિનોદ ધુલ્લાએ સમસ્ત મહાજન વતી આભારદર્શન કરેલ. મંડળ તરફથી ચા-પાણી અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ.

### મુંબઈ મહાજન દ્વારા કચ્છ ચૈત્યપરીપાટી

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીજી મ.સા.ના ૮૧મા જન્મદિન પ્રસંગે કચ્છ ચૈત્યપરીપાટી તથા ક્ષમાપના સંવત્સરી ક્ષમાપના-ગુરૂવંદનાર્થે મુંબઈ મહાજનના ઉપક્રમે તા.૨૭થી ૨૯-૯-૧૨ના ધાર્મિક સમિતિ સાથે જ્ઞાતિજનો કચ્છ યાત્રાએ ગયેલા. બીજે દિવસે ૧૨ તુફાન ગાડીઓ દ્વારા ભદ્રેસરતીર્થે પહોંચી, દર્શન પૂજા કરી નવકારશીનો લાભ આપી સંઘે ૭૨ જિનાલય તીર્થે દર્શન કર્યા ત્યાંથી નાગલપુર પૂ.સા.શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા. અને અનંતગુણાશ્રીજી મ.સા.આ.ઠા.ને ખમાવી વંદીને ભાવપછા કરી. પૂજ્યશ્રીએ મહાજનશ્રીના આવી ધાર્મિક પ્રવૃતિને બીરદાવી અનુમોદના કરી. નાગલપુર સંઘે મહાજનશ્રીના માનદ મંત્રી શ્રી ચેતનભાઈ મોતાનું બહુમાન કર્યું. મહાજનશ્રીએ પણ ત્યાંના પ્રમુખશ્રીનું બહુમાન કરેલ. દેવદર્શન કરી. સંઘને સ્વામીભક્તિનો લાભ આપ્યો. ત્યાંથી હાલાપુરમાં પૂ. ગણીવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.આ.ઠા.ને સાંવત્સરીક વંદના કરી. ગુરૂદેવોએ પ્રસન્નચિતે પ્રશંસા કરી શુભેચ્છાઓ સહ આશિર્વચન આપ્યા. અહીં સંઘે વરસીતપારાધક મણીબેન નારાણજી ઘરમશી (કોઠારા) નું બહુમાન કર્યું. વરીયાળી પાણી તથા સંઘપૂજનનો લાભ લઈ મહાજનશ્રી પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા.આ.ઠા.-૬ને કોટડા (રોહા) પહોંચી સંવત્સરી વંદના કરી. પૂજ્યશ્રીએ મહાજનશ્રીના વધામણાં કરી ગુરૂદેવનાં જન્મદિને પધાર્યાનો આનંદ વ્યક્ત કર્યો. ચા પાણી લાભ આપી ત્યાંના સંઘે શ્રી કુમાર દંડનું બહુમાન કરેલ. મહાજનશ્રીએ ત્યાંના સંઘમાંવડીનું ગૌરવ કર્યું. ત્યાંથી દેઢીયા પહોંચ્યા વિશાળ જિનાલયે દર્શન વંદન કર્યાં.





**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

ચૌવિહારનો લાભ આપ્યો. અત્રે જિનાલય સ્ટાફમાં ૩-૪ જ્ઞાતિજન તીર્થની સુંદર વ્યવસ્થા સંભાળે છે. ત્યાંથી રાપરગઢ, લાલા, પરજાઉ, વાંકુ અને વારાપધ્ધરના દર્શન કર્યા. દરેક ગામે જ્ઞાતિજનો ઉમળકે ભેગા થઈ આવકાર આપેલ. વતનની માટીએ પગ રાખવાનો આનંદ અનુભવાયો. દરેક ગામે સંઘપૂજન-પ્રભાવના થઈ. રાત્રે વારાપધ્ધર અતિથીગૃહમાં મુકામ કર્યો. ત્યાંની વ્યવસ્થાથી પ્રભાવિત થયા. વહેલી સવારે ઉઠી દર્શન પૂજા કરી સમયસરની કળીને જય જિરાવલ્લા કરતાં તેરા તીર્થે પહોંચી દર્શનવંદન-પૂજા કરી અને નવકારશી કરી. અહીંના પ્રખ્યાત પેંડા ખાઈ સૌ પેડા અને બાંધણી ખરીદી કરવા નીકળ્યા. પૂ.સા.શ્રી જયધર્માશ્રીજી મ.સા.ને વંદના કરી.

ત્યાંથી નીકળીને ભૂજોડી પહોંચ્યા. ત્યાંના વિશાળ મંડપમાં વરસીતપારાધક પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરૂ મ.સા. આ.ઠા.ને વંદના કરી. પૂજ્યશ્રીના ૮૧મા જન્મ પર્વોત્સવે સ્ટેજ ઉપર જ્ઞાતિના સંખ્યાબંધ મોવડીઓની ઉપસ્થિતિમાં આનંદ બેવડાયો. સાહેબજીને માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા (નલીયા-મુંબઈ) ના સુપુત્ર શ્રી સમીર નાગડાએ ૮૧ કીલો રજત તુલાએ તોલતાં જ્ઞાતિ ગૌરવની ક્ષણોમાં સહભાગી થયા. મહાજનશ્રીએ જીવદયા ફંડમાં બે લાખના યોગદાનની જાહેરાત કરી. ભૂજોડી સંઘે સૌનું બહુમાન કર્યું. મહાજનશ્રી હાલ છેલ્લા ૩ વરસથી સતત સાહેબજીના જન્મદિને શુભેચ્છા વંદના માટે પધારે છે. જે નિમિતે વધુને વધુ જ્ઞાતિજનો પધારી લાભ લઈ શકે તે માટે આવન-જાવન ખર્ચ માત્ર રૂા.૫૦૦ લઈ આયોજન કરે છે. આ પ્રસંગે મહાજનના પદાધિકારીઓ, સભ્યો, ધાર્મિક સમિતિ, કાર્યકરો અને જ્ઞાતિજનોને આ લાભ આપે છે. સમગ્ર યાત્રા દરમ્યાન યાત્રિકોની સુંદર સરભરા-વ્યવસ્થા જાળવવા સ્ટાફની સેવા અનુમોદનીય રહી.

પૂજ્યશ્રીના જન્મદિને મુંબઈ મહાજનશ્રીની વિશેષ હાજરીની ખાસ નોંધ લેવાઈ.

મહાજનશ્રીએ નાગલપૂર વારાપધર તેરા વગેરે જગ્યાએ ઘર દીઠ એક કીલો સાકરની પ્રભાવના કરી, સૌ જગ્યાએ સાધારણ ફંડમાં ફાળો નોંધાવેલ. દરેક સંઘમાં મહાજન પ્રતિનિધિના બહુમાન થયા અને મહાજન સંઘે પણ ત્યાંના આગેવાન પ્રતિનિધિનું બહુમાન કરેલ. દરેક ક્ષેત્રમાં બિરાજમાન પૂ.ગુરૂ મ.સા.ને વંદના લાભ મળ્યો. સૌના સથવારે-સહયોગે કચ્છ દર્શન યાત્રા સફળ સંપન્ન થઈ.

## વડાલા સંઘની ચૈત્યપરીપાટી

તા.૧૬-૯-૧૨ના વડાલા સંઘના સભ્યો મુંબઈના દેરાસરોના દર્શન તેમજ ગુરૂવંદને ચૈત્યપરીપાટીરૂપે એક બસ દ્વારા ગયેલ. સવારે શ્રી સંભવનાથના દર્શન કરી પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના મુખે માંગલિક સાંભળીને રવાના થયેલ. માટુંગાના સહસ્ત્રફણા પાર્શ્વનાથના દર્શન કરી પૂ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.આ.ઠા.ને વંદના કરેલ. સાયન-કોલીવાડા, પહોંચી શ્રી સંખેશ્વર પાર્શ્વનાથની દર્શન કરી પ.સા.ચારૂદર્શના મ.સા.નું ગુરૂપૂજન કરેલ. તેમજ નવકાશીનો લાભ લીધેલ. ત્યાંથી વાંદરામાં સંભવનાથના દર્શન કરી પુ.સા.ચારૂ પ્રજ્ઞાશ્રીજી મ.સા.ને વંદના કરેલ. સાંતાક્રુઝ (વે.)માં પહોંચી શ્રી કુંથુનાથના દર્શન કરેલ તેમજ પૂ.સા. મોક્ષદર્શનાશ્રીજી મ.સા.ને વંદના કરેલ. સાંતાક્રુઝ (ઈસ્ટ)માં પુ.સા.શ્રી પૂ. રત્નરેખાશ્રીજી મ.સા.ને વંદના કરેલ તેમજ શ્રી કલીકુંડ પાર્શ્વનાથ દર્શન કરેલ. જોગેશ્વરી આવતા શ્રી મહાવીનાથજીના દર્શન કરી પૂ.સા.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.આ.ઠા.ને વંદના કરેલ. તેમજ વ્યાખ્યાન લાભ લીધેલ. બપોરનું ભોજન કરી ત્યાંથી રવાના થઈ મુલુંડ (ઈસ્ટ)ના શ્રી વિમલનાથ દેરાસરજીના દર્શન કરી પૂ.સા. વીરાતગુણાશ્રીજી મ.સા.ને વંદના કરેલ. મુલુંડ (વે)માં શ્રી વાસુપુજ્યસ્વામીના દર્શન કરી પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ને વંદના અને ગુરૂ પૂજન કરેલ. છેલ્લે ભાંડુપમાં અનંતસિધ્ધિમાં આદીનાથ, તથા શ્રી પદમપ્રભુશ્રી (અચલગચ્છ જૈન સંઘ)ના દર્શનનો લાભ લીધેલ. તેમજ ચૌવિહાર કરેલ. પૂ.સા. અભયગુણાશ્રીજી મ.સા.ને વંદના કરેલ. યાત્રા પૂર્ણ કરી રાત્રે ૮ કલાકે વડાલા પરત આવ્યા.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

## ગોરખડી

આ વર્ષે પર્યુષણ પર્વ ઉલ્લાસ સાથે ઉજવાયા દરરોજ સવારના સનાત્ર પુજા, શાંતિકળશ, આરતી, ધામધૂમથી કરવામાં આવતા સાંજના ભાવના સુંદર રીતે ગામવાસીઓ તથા સ્થાનીકભાઈઓ નવીનભાઈ, લક્ષ્મીચંદભાઈ, કાંતિલાલભાઈ તથા મુંબઈથી પધારેલ મહેન્દ્ર લોડાયા તથા ભાઈચંદ ખોના અને રતીલાલ સાયલાના સાથ સહકારથી ભણાવવામાં આવેલ. દરરોજ ભાવના બાદ પ્રભાવના કરવામાં આવતી. બીજ તથા સવંતસરીના જમણવાર રાખેલ.

## શ્રી સ્વસ્તિક ગ્રુપ-ડોંબિવલી

ગ્રુપ તરફથી ડોંબિવલીમાં ગુજરાતી નાટક "મિચ્છામી દુક્કડમ" સાવિત્રીબાઈ ફુલે નાટયગૃહમાં તા.૨૯-૧૦ના રાત્રે ૮ વાગે દર્શાવાશે. ટીકિટ માટે સંપર્ક: જયેશ લોડાયા-૮૯૭૬૫૭૫૦૮૦, રાજીવ ધરમશી-૯૭૭૩૦૯૮૬૪૮, રાહુલ છેડા-૯૮૧૯૮૭૨૪૦૬

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા સતત ૪૬ વર્ષોથી ભણાતી મહાકાળી માતાજીની ભાવના તા.૨૧-૧૦-૧૨ રાત્રે ૯.૦ કલાકે વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ માતુશ્રી દમયંતિબેન હંસરાજ દેવશી દંડ પરિવાર સાંધવ) તથા માતુશ્રી મઠીયાબેન ડુંગરશી હેફા પરિવાર (જખૌ) તરફથી છે. આગામી ભાવના તા.૨૫-૧૧-૧૨ના શ્રી ટોકરશી દામજી ધરમશી પરિવાર (જશાપર) તરફથી રહેશે.

## વર્ધમાનનગરમાં વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો

વર્ધમાનનગર (ભુજ)માં તપસ્વીરત્ન પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા. આદિની નિશ્રામાં દર રવિવારે વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો યોજાય છે. ભક્તિભાવનાં અનુષ્ઠાનોમાં ભાગ લેવા ભાવિકો દુર-દુરથી વર્ધમાનનગર પહોંચે છે. મહાપ્રભાવિક ભક્તામર મહાપૂજન સૌ. લીલમબેન દેવજી પાલાણી (કોઠારા) પરિવાર તરફથી યોજાયેલ. વિધિકાર અને સંગીતકાર શ્રી ચંદ્રકાંત દેઢીયા એન્ડ પાર્ટીએ રમઝટ બોલાવી હતી.

શંખેશ્વર તીર્થ છ'રીપાલક યાત્રા સંઘનાં મુખ્ય સંઘપતિ તરીકે સૌ. પુષ્પાબેન વિનોદ ગંગર (ગોધરા) આદિ સંઘપતિઓનાં નામોની જાહેરાત કરાઈ હતી. આ પ્રસંગે જીવદયા માટે પણ સારું ફંડ એકત્રિત થયું.

વર્ધમાનનગરને જોડતા બંને પ્રવેશદ્વારોનાં દાતા અનશનવ્રતધારી માતુશ્રી મણીબેન પ્રેમજી ભેદા (નવાવાસ) તથા બીજા ગેટનાં દાતા તરીકે શ્રીમતિ લીલમબેન દેવજી પાલાણી (કોઠારા)નાં નામની જાહેરાત કરાઈ હતી. પૂજ્યશ્રીનાં જન્મદિન પ્રસંગે ૩૦૦ પરિવારોને મીઠાઈનાં પેકેટ વિતરણ કરાયા હતા. કાર્યક્રમનું સંચાલન ઉતમ છેડા, અંકુર શાહ તથા ચંદ્રકાન્ત દેઢીયાએ જ્યારે આભાર દર્શન શ્રી તારાચંદભાઈછેડાએ કર્યું હતું.

માતુશ્રી લક્ષ્મીબાઈ જગશીં છેડા પરિવાર, દેવજીભાઈ પાલાણી પરિવાર તથા અન્ય દાતાશ્રીઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

## અનંત આરોગ્ય નિધિ-દેવલાલી

સંસ્થાની ૧૪મી વાર્ષિક સામાન્યસભા તા.૧૮-૧૦-૧૨નાં સાંજે ૬ વાગે વહીવટી કાર્યાલય-ક્વેસ્ટ, ૧૦૭૩, રાજાભાઉ દેસાઈ માર્ગ, બીઉ મોન્ડે ટાવર્સ, પ્રભાદેવી, મુંબઈ-૨૫ એ સ્થળે યોજાયેલ છે. જેમાં તા.૩૧-૩-૧૨ સુધીનાં અન્વેષિત હિસાબો, અને અહેવાલ રજુ કરવામાં આવશે.

## જોગેશ્વરીમાં ત્ર્યાન્હિકા ગુરૂગુણ પર્વોત્સવ

દંતાણી તીર્થરત્ન મહાન ક્રિયોધ્ધારક અચલગચ્છ પ્રવર્તક દાદા આર્યરક્ષિતસુરીની નવમ શતાબ્દિ વર્ષે અને રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ ગુરૂ ગુણસાગરસુરીની જન્મશતાબ્દિ -સંયમ હીરક વર્ષ અને તેમની ૨૪મી પુણ્યતિથીએ પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીની નિશ્રામાં ત્ર્યાન્હિકા મહોત્સવ ઉજવાશે. તા.૧૪-૧૦ના ભવ્ય વિશાળ ગુરૂ શોભાયાત્રા, ૪૫ આગમ, ૧૦૦ રજોહરણ છાબ, ૮૦૦ કળશધારી મહલિા, સુશોભિત પ્રભુરથ, ભગવતીસૂત્ર સાથે ગજરાજ સવારી , ૬૪ ઇન્દ્ર ૫૬ દિક્કુમારી માસક્ષમણ શ્રેણીતપના આરાધકોના રથ, દેવવિમાનમાં ગુણસુરી પ્રતિમા સહ રથયાત્રા રહેશે. બપોરે ૨.૩૦ વાગે ગુણાનુવાદસભામાં અચલગચ્છ સંઘોની


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)



શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

ઉપસ્થિતિમાં ૧૦૦ માસક્ષમણ તપસ્વીઓનું શાહી બહુમાન માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર તરફથી થશે.

બીજા દિવસે તા.૧૫૧૦ના શ્રી અષ્ટોતર રાસ ગુરૂ પાટ પરંપરા પુજન, બપોરે પ્રશ્નોતરી, તા.૧૬-૧૦નાં પૂજ્યશ્રીના જીવન આધારે સવારે ૯.૩૦ વાગે ગૂરૂ ગુણ પુજા, બપોરે અઢી વાગે ગુણ ઉપનામ હાઉસી, પૂજ્યશ્રીના સ્મરણચિત્રોની આર્ટ ગેલેરી, રંગોળી, ૪૫ આગમ ઉજમણું વગેરે કાર્યક્રમ તથા દરરોજ ભક્તિપાઠ, પુજા, આંગી, ભાવના વગેરે રહેશે. સર્વેને પધારવા આમંત્રણ. સકલ સંઘની સાધર્મિક ભક્તિ રહેશે.

## શ્રી અચલગચ્છ જૈન દેરાસર ટ્રસ્ટ-વસઈ

પૂ. તીર્થગુણાશ્રીજી મ.સા.પૂ.ભાવિતગુણાશ્રીજી મ.સા. તથા. પૂ.સા. વર્ધમાનગુણાશ્રીજી મ.સા.આ.ઠા. નિશ્રામાં ચાતુર્માસિક તેમજ પર્વ આરાધના ઉમંગે થઈ. દૈનિક પ્રવચન સૂત્રાધિકારે "અધ્યાત્મ કલ્પદ્રુમ" તથા ચરિત્ર "મહાબલ મલયાસુંદરી" વંચાયા.

દર શનિવારે સવારે શ્રાવક શિબિર, રાત્રે યુવતિઓ માટે "નાઈટ ટોક", દર રવિવારે બપોરે બાળકોની શિબિર, દર સોમવારે શ્રાવિકા શિબિર, દર રવિવારે સવારના વિવિધ ભક્તિ અનુષ્ઠાન થઈ રહ્યા છે. પર્યુષણમાં સ્વપ્ન ઘૃત તેમજ શાલિભદ્રની પેટી તેમજ અન્ય ચડાવા સુંદર થયા.

ચાર્તુમાસ દરમ્યાન ૨૪ તીર્થંકર દીક્ષા કલ્યાણક તપ માં ૩૨ તપસ્વીઓ જોડાયા. પર્યુષણમાં માસક્ષમણ-સોળભત્ત-અગ્યાર અને આઠ ઉપવાસના સર્વ તપસ્વી ૭૫ હતા. શ્રી ખુશાલભાઈ લખમશી માણેક પોલડીયા (ડુમરા) એ વર્ષીતપે માસક્ષમણ કર્યું અને ફરી થોડા પારણાં બાદ બીજું માસક્ષમણ ચાલુ છે જેનું પારણું પાલીતાણાતીર્થે થશે. સૌ. રાજુલ સુમિત હરિયા (દેવપુર) અને કુ. નીરાલી ભૂપેન્દ્ર ગાલા (દેવપુર) એ નાનીવયમાં માસક્ષમણ તપ કર્યું જેની અનુમોદના.

## ડોંબિવલી રક્તદાન શિબિર

શ્રી તરૂણ મિત્ર મંડળ-મુંબઈના ઉપક્રમે રવિ. તા.૭-૧૦-૧૨નાં બ્રાહ્મણસભા હોલમાં બીજી રક્તદાન શિબિર યોજાઈ હતી. "માનવતા"ના શ્રી ખુશાલ ગડા અને કાર્યકરોએ શિબિર સફળ સફળ બનાવવા જહેમત લીધેલ. આ પ્રસંગે વિધાનસભ્ય શ્રી વિરેન્દ્ર ચૌહાણ, શહેર શિવસેના પ્રમુખ શ્રી પ્રભાકર ચૌધરી, ભાજપ શિવસેનાના કાર્યકરો, શહેરના અગ્રણીઓ, સામાજિક કાર્યકરો અને તરૂણમિત્ર મંડળના કાર્યકરો પધારેલ. ડો. પાટીલ અને પ્લાઝમા બ્લડ બેંક તથા થાણા બ્લડબેંક સ્ટાફ ટીમ સાથે વ્યવસ્થા સંભાળેલ. કાર્યક્રમ સૂત્ર સંચાલન શ્રી ગડાએ કરેલ સર્વે મહેમાનોનું સ્વાગ કરાયેલ. જ્ઞાતિના પણ કેટલાક જણે રક્તદાન કરેલ. આ આયોજનમાં શ્રી રાજેશ સાવલા પરિવાર મુખ્યદાતા અને શ્રી અરિહંત કો.ઓપ. બેંક સહયોગી દાતા તરીકે જોડાયેલ. પ્રથમ શિબિરમાં ૪૬૫ બોટલ રક્તદાન થયેલ આ શિબિરમાં પણ સારું રક્તદાન થયેલ.

## જલગામમાં ગુરુ ગરીમા ગૌરવ મહોત્સવ

અચલગચ્છ પ્રવર્તક દાદા આર્યરક્ષિતસૂરી મ.સા.ની નવમ શતાબ્દી, કચ્છ કેસરી, શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરી મ.સા. જન્મ શતાબ્દિ તથા તપ સમ્રાટ, વર્તમાન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૮૧મા જન્મદિવસ નિમિત્તે જલગામ શ્રી સંઘ તરફથી અવિસ્મરણીય ભવ્યાતિભવ્ય ત્રયાન્હિકા મહોત્વનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૨૮ સપ્ટેંબરના અષ્ટાપદ તીર્થની રચના સહિત સુંદર શ્રી અષ્ટાપદ તીર્થની પુજા ભણાવવામાં આવી. જલગામના છ મહિલા મંડળોએ સમુહમાં અદ્‌ભુત ભક્તિની રમઝટ જમાવી. બધાની સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

તા.૨૯ સપ્ટેંબરના ત્રણે ગુરુભગવંતના ગુણાનુવાદનો કાર્યક્રમ યોજાયેલ. ત્રણે ગુરુ ભગવંતોના જીવન ઉપર વિવિધ વક્તાઓ દ્વારા પ્રકાશ પાડવામાં આવેલ. દિનેશભાઈ મોમાયા તથા ચન્દ્રેશભાઈ નાગડા દ્વારા ગુરુ ભક્તિ અને ગુરુ વિરહ ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું. વિજયાબેન સાવલા, સરલાબેન ગોસર તથા ચાલીસગામથી પધારેલા રેખાબેન મોમાયાએ ગુરુ ભગવંતોના ગુણાનુવાદનો લાભ લીધો. સૌ. ભારતીબેન લોડાયાએ ગચ્છ પ્રવર્તક દાદાશ્રી આર્યરક્ષિતસૂરિ મ.સા. જીવન પ્રસંગોપર આધારીત સુંદર સ્લાઈડ શૉ રજુ કર્યો. સહુના પ્રયાસ પ્રસંશનીય રહ્યા.

ગુણાનુવાદના કાર્યક્રમ સાથે નવકાર દરબારના વિશેષ આરાધકોનું બહુમાન તથા પ્રભાવના માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા (કોઠારા-ચાલીસગામ/ઘાટકોપર) તરફથી કરવામાં આવેલ. સર્વે મહિલા મંડળોનું બહુમાન તથા નવકાર દરબારના લાભાર્થી પરિવારનું બહુમાન જલગામ સંઘ તરફથી કરવામાં આવેલ.

તા.૩૦ સપ્ટેંબરના ૧૦૮ જોડા સહિત રાજરાજેશ્વરી અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીનનું મહાપૂજન ભવ્યાતિભવ્ય રીતે ભણાવાયું. જલગામ એવં આજુબાજુના મલકાપુર, શેગાંવ, ચોપડા, ધુલિયા, પારોલા, ચાલીસગામ, પલાસનેર, પાચોરા, સુરત, વડોદરા, સેંઘવા, ખંડવા, ખિરકીયા, ઈન્દોર, મુંબઈ, બુહાનપુર, અમલનેર, ધરણગાંવ

વિગેરે ગામોથી ભાવિકો ઉત્સાહ-ઉમંગથી પધાર્યા હતા. સહુએ માતાજીની ભક્તિનો અપૂર્વ આનંદ માણ્યો. મહાપૂજનમાં થયેલ ઉપજમાંથી જલગામ શ્રી સંઘે ખંડવામાં મહાકાલી માતાજીની પ્રતિમા ભરાવવાનો લાભ લીધો. ઉપરોક્ત કાર્યક્રમ પૂ.સા.જયદર્શિતાશ્રીજી મ.સા. તથા યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં યોજાયો. વિધિવિધાન માટે શ્રાધ્ધવર્ય શ્રી રાજુભાઈ શાહ (મલકાપુર) પધાર્યા હતા. ભક્તિની રમઝટ અંજુબેન નાગડા (યવતમાલ) તથા ભાવેશભાઈ નાસિકવાળાએ જમાવી હતી.

## તાડપત્ર ઉપર આગમ લેખન

જિનશાસનના મહાન ગ્રંથો આગમના નામે ઓળખાય છે. આગમો તાડપત્ર ઉપર લખવાથી તે હજાર વરસસુધી ટકી શકે છે. તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિ મ.સા.ની આજ્ઞા એવં શુભાશીર્વાદથી શાસન પ્રભાવિકા પૂ.જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ૪૫ આગમ તાડપત્ર ઉપર લખાવવાનું કાર્ય ચાલુ છે. શ્રી જલગામ શ્વે.મૂ.સંઘ, શ્રી મુનિસુવ્રતસ્વામિ ક.દ.ઓ. જૈન સંઘ-ચોપડા, શ્રી અંકલેશ્વર અચલગચ્છ જૈન સંઘ, શ્રી રાયપુર કચ્છી જૈન સંઘ, શ્રી શત્રુંજય-મુક્તિ-વીરેન્દ્ર રત્નત્રયી ટ્રસ્ટ-હુબલી વગેરે સંઘોએ ઉદારતાથી લાભ લીધેલ છે. ચાતુર્માસ દરમ્યાન આગમ તૈયાર થઈ જશે. પછી એમને યોગ્ય સ્થળે આરાધનાર્થે ગોઠવવામાં આવશે. સુશ્રાવકોના સહયોગથી બારસાસૂત્ર સૂવર્ણાક્ષરે લખાવવાનું કાર્ય પણ ચાલુ છે.

## જલગામ ભાવના મંડળ

જલગામમાં કચ્છી સમાજની બહેનોનું ભાવના મહિલા મંડળ છે. પરમાત્માની સુંદર પૂજાઓ ભણાવી ભક્તિનો લાભ લે છે. રવિવાર તા.૧૨ સપ્ટેંબરના જલગામ પધારેલા સૌ.દમયંતીબેન ચંપસી માણેકજી શાહ તરફથી મંડળની બહેનોને પૂજા માટે સાડીની પ્રભાવના આપવામાં આવેલ. તથા અંકલેશ્વરથી પધારેલ સૌ. જયાબેન જીતેન્દ્ર મોતા તરથી ભાવના મંડળને થેલાની પ્રભાવના આપવામાં આવેલ. ભાવના મંડળની બહેનોએ પ્રભાવના માટે દાતા પરિવારની અનુમોદના કરેલ.

## કચ્છ કેશરી યુવા ગ્રુપ-જલગામનાં

જલગામના કચ્છી સમાજના ઉત્સાહી યુવાનોએ શાસનની અને સમાજની સેવા કરવાની ભાવનાથી શ્રી કચ્છ કેશરી યુવા ગ્રુપની સ્થાપના ચાતુર્માસાર્થે બિરાજમાન પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પૂ.સા.શ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી કરેલ છે. તથા દર રવિવારે ગૌતમ-પ્રસાદીના નામે અનુકંપા દાનનો પ્રારંભ કરેલ છે. દર રવિવારના ગૌતમપ્રસાદીનો નકરો રૂા.૧૫૦૦/- રાખવામાં આવેલ છે. યુવા ગ્રુપ બીજા પણ વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવા થનગની રહ્યું છે. સમાજ અને સંઘના આશીર્વાદ એવં સહયોગથી યુવા-ગ્રુપ સફળતાના શિખરો સર કરશે એવો દ્રઢ વિશ્વાસ છે.યુવા ગ્રુપની હાર્દિક અનુમોદના તથા અભિનંદન.

## વર્ધમાનનરમાં સંત સંમેલન

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં સંત સંમેલન યોજાયું. જેમાં ભુજ કબીર મંદિરનાં મહંત શ્રી પૂ. કિશોરદાસજી, પૂ. પ્રદિપ્માનંદ સરસ્વતીસ્વામિ, ભુજ સ્વામિનારાયણ મંદિરનાં પૂ. ઉત્તમચરણ સ્વામિ, શિવકૃષ્ણસ્વામી, મેકણદાદા પરિવાર શિવશક્તિ સદ્‌ગુરૂ આશ્રમનાં શ્રી દયારામદાદા કાપડી, મેકણદાદા ધામ ધ્રંગનાં મહંત શ્રી મુળજીદાદા તથા અરવિંદદાસજી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

અચલગચ્છાધિપતિશ્રીએ માંગલિક શ્રવણ કરાવી સંત સંમેલનનો પ્રારંભ કરાવેલ હતો. ચાર્તુમાસ સમિતિ અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડાએ પ્રસ્તાવના રાખી. સંતશ્રીઓને વંદન સાથે આવકાર્યા હતા.

પૂ. રત્નાકરસાગરજી મ.સા.એ પ્રસંગ અનુરૂપ માર્ગદર્શન કરેલ.

ભુજ કબીરમંદિરનાં મહંત શ્રી કિશોરદાસજી સાહેબે, ગુરૂવંદનાના આજના પ્રસંગને અનેરો બતાવ્યો.

પૂ. પ્રદિપ્માનંદ સરસ્વતી સ્વામિએ જણાવ્યું હતું કે. ગુરૂજીમાંથી સંયમની પ્રેરણા મળે છે. ગુરૂ જીવંત શાસ્ત્ર છે. ગુરૂએ હાલતી-ચાલતી પ્રેરણાની સ્કુલ છે. હાલતું ચાલતું શાસ્ત્ર એટલે ગુરૂ. શાંતિ પમાડે તેને સંત કહીએ. શાંતિ વેંચાતી નહીં મળે. આવા ગુરૂ પાસે જવાથી શાંતિ મળે છે. સંતોનો તો રોજ જન્મદિન છે.

ભુજ સ્વામિનારાયણ મંદિરનાં પૂ. ઉત્તમચરણ સ્વામિએ જણાવ્યું હતું કે, સંયમ સાધનાથી અંધકાર દૂર થાય છે. તપની આરાધના ભગવાન તરફ વાળે છે. આ જગતમાં સદ્‌ગુરૂનું શરણ જીવનરૂપી નૈયાને પાર કરાવે છે. આ પ્રસંગે દયારામદાદા કાપડીએ જણાવ્યું હતું કે, સંતો પાંચે ઈન્દ્રોને વશ કરી ખરું જીવન જીવી રહ્યા છે. અને અનેરી પ્રેરણાએ જીવદયાના કાર્યો કરી રહ્યા છે.

પૂ. અરવિંદદાસજીએ ગુરૂ મહિમા અને જૈન ધર્મનો મહિમા વર્ણવ્યો હતો. ખરી તપસ્યા તો જૈન ધર્મની છે. સંતોનું સાનિધ્ય આપણામાં સારા ગુણ લાવે છે.

પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા.એ જણાવ્યું હતું કે, ધર્મ દ્વારા થઈ રહેલ તપ જીવનને શાંતિ આપે છે.

કાર્યક્રમનું સંચાલન શ્રી ઉત્તમભાઈ છેડાએ અને આભારદર્શન શ્રી તારાચંદભાઈ છેડાએ કરેલ. વ્યવસ્થામાં દિપક લાલન, હેમંત વીકમશી, પ્રબોધ મુનવર તથા સર્વે કાર્યકરોએ જહેમત લીધી.

### વર્ધમાનનગરમાં માસક્ષમણ તપસ્યા

વર્ધમાનનગર (ભુજ)માં પૂ.આ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આ.ઠા.ની નિશ્રામાં ચાતુર્માસ આરાધનામાં ૧૭ માસક્ષમણની તપસ્યા થઈ છે. પૂજ્યશ્રીએ દરેક તપસ્વીનાં ઘરે જઈ પાવન પગલા કર્યા હતા.

### અચલગચ્છાધિપતિશ્રી જન્મદિને રજતથી તોલાયા

અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.નાં ૮૧મા જન્મ વર્ષમાં પ્રવેશ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

મંત્રી શ્રી વાસણભાઈ આહિર, અતિથિવિશેષ ધારાસભ્ય શ્રી ડો. નિમાબેન આચાર્યના અતિથી વિશેષપદે સમાજ અગ્રણીઓ અને વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતિમાં પૂજ્યશ્રીને રજતતુલા માન અપાયું હતું.

પ્રારંભે દીપપ્રાકટ્ય બાદ શ્રી તારાચંદભાઈ છેડાએ મહેમાનોને આવકાર્યા હતા. અને ચાર્તુમાસની ધાર્મિક આરાધનાની વિગતો આપી.

અતિથિઓ અને મહેમાનોને સન્માનિત કરાયા હતા. વર્ધમાનનગરમાં અચલગચ્છ ઉપાશ્રયેથી પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. વાજતે ગાજતે નિર્મલનિકેતને જઈ મહાકાળી માતાજીનાં દર્શન કરી સમારોહ મંડપે પધાર્યા હતા. આ પ્રસંગે બચુભાઈ રાંભીયા ટ્રસ્ટ દ્વારા ૮૧ જેટલા બંધ પોપટોને અભયદાન મુક્તિ અપાઈ હતી.

પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા., પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા. તથા પૂ. મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ.સા.એ પ્રસંગોચિત પ્રવચન કરેલ. શ્રાવકોની ગુરૂભક્તિની અનમોદના કરી.

ગુરૂપૂજનનાં ચડાવાનો લાભ શ્રીમતિ કુસુમબેન ઝવેરચંદ સાવલા પરિવારે લીધો હતો. જ્યારે પુજ્યશ્રી રજતથી તોલવાનો લાભ સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવાર (નલીયા-ઘાટકોપર) હ. સમીરભાઈએ લીધેલ. ૮૧ વર્ષના પુજ્યશ્રીનું વજન ૮૧ કિલો થતાં ૮૧ કિલો રજતથી તેઓશ્રીને તોલવામાં આવ્યા હતા.

દેશ-દેશાવળ અને મુંબઈથી અનેક અગ્રણીઓ પધારેલ અને મુંબઈ મહાજનના સંઘે પણ હાજરી આપેલ.

ભુજમાં વડીલ વંદના મંદિર બનાવવાની જાહેરાતને વધાવવામાં આવી. ગુજરાત-મહારાષ્ટ્ર-કચ્છ-આંધ્રપ્રદેશના સંઘોએ પૂજ્યશ્રીને ચાર્તુમાસ માટેની વિનંતીઓ કરી હતી.

શંખેશ્વર તીર્થ છ'રીપાલક યાત્રા સંઘનાં મુખ્ય સંઘપતિ તરીકે સૌ. પુષ્પાબેન વિનોદ ગંગર (ગોધરા) અને અન્ય સંઘપતિઓનાં નામોની જાહેરાત થઈ. આ પ્રસંગે જીવદયા માટે પણ સારું ફંડ એકત્રિત થયું હતું.

વર્ધમાનનગરને જોડતા બંને પ્રવેશદ્વારોનાં દાતાશ્રી અનશનવ્રતધારી માતુશ્રી મણીબેન પ્રેમજી ભેદા (નવવાસ) તથા બીજા ગેટનાં દાતા શ્રીમતિ લીલમબેન દેવજી પાલાણી (કોઠારા) નામની જાહેરાત થઈ.

પૂજ્યશ્રીનાં જન્મદિન પ્રસંગે ધીરિન લાલન તથા મનિષ મામણીયા દ્વારા ૩૦૦ પરિવારોને મીઠાઈનાં પેકેટ વિતરણ કરાયા. કાર્યક્રમનું સંચાલન ઉતમ છેડા, અંકુર શાહ તથા ચન્દ્રકાન્ત દેઢીયાએ જ્યારે આભાર દર્શન શ્રી તારાચંદભાઈ છેડાએ કર્યું હતું.

માતુશ્રી લક્ષ્મીબાઈ જગશીં છેડા પરિવાર, દેવજીભાઈ પાલાણી પરિવાર તથા અન્ય દાતાશ્રીઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા સર્વે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

### મુંબઈ મહાજનશ્રી દ્વારા ફ્રી કમ્પ્યુટર તાલીમ વર્ગ

મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્ય શ્રી ગુલાબ ડી. ધરમશીના સૌજન્યથી જી.ડી.સ્ટડી સર્કલ દ્વારા અત્યાર સુધી ૩૫ જ્ઞાતિજનોએ બેસીક કમ્પ્યુટર તાલીમનો લાભ લીધેલ છે. વધુને વધુ જ્ઞાતિજનો કમ્પ્યુટરનો જ્ઞાન મેળવી શકે તે માટે હવેથી સવારના ૧૦ થી ૩ સુધીના બેચ રાખવામાં આવેલ છે. જેમાં દિવસ દરમ્યાન ૩૦ થી વધુ એક સાથે જ્ઞાતિજનો લાભ લઈ શકશે. આ ક્લાસેસ ડ્રીમમોલ-ભાંડુપ (વે), સ્ટેશનની બાજુમાં તેમની ઓફિસે અપાય છે. વધુ માહિતી માટે સંપર્ક સૌ. પોલમી ધરમશી-૯૮૨૧૩૩૫૮૮૮

### મુંબઈ મહાજનશ્રી દ્વારા ધાર્મિક ટ્યુશન ક્લાસ

મુલુંડમાં કે.ડી.ઓ. મધુર-મિલન સોસાયટીમાં હાલ ૨૦ જ્ઞાતિજનો ધાર્મિક જ્ઞાન મેળવી રહ્યા છે. હંસાબેન ખુશાલચંદ મૈશેરી (માંડવી-ડોંબીવલી) ધાર્મિક ટ્યુશન આપી રહ્યા છે. આપ જ્ઞાતિજનોને ધાર્મિક જ્ઞાનશાળા ચલાવવાકે જ્ઞાન લેવા ઇચ્છુકો લાભ લઈ શકશે. સંપર્કઃ ધાર્મિક સમિતિ કન્વીનર શ્રી કુમારભાઈ દંડ-૯૮૧૯૪૬૧૪૧૪

## શ્રી કે.ડી.ઓ.જી.વી.સી. જૈન સંઘ

સંઘ દ્વારા આસો માસની આયંબીલની ઓળી અનંતછાયામાં દાતા પરિવારોના સથવારે કરાવવામાં આવશે. ઓળી કરનારા તથા છૂટક આયંબીલ કરનારાઓ પોતાના નામ ઓફીસમાં મહેતાજી પાસે નોંધાવી શકશે. ઓળીના આગલા દિવસે તા.૨૦-૧૦૧૨ના અત્તર પારણા કરાવવામાં આવશે તથા ઓળીપૂર્ણ થયા બાદ પારણાં કરાવવામાં આવશે. વધુ વિગત સંપર્ક ફોનઃ ૨૫૦૬૯૦૯૯

સંઘના કાર્યક્ષેત્ર ઘાટકોપર-વિદ્યાવિહાર-ચેમ્બુર-તિલકનગરમાં વસતા જ્ઞાતિજનોના વસ્તીપત્રક ફોર્મ તા.૨૫-૧૦-૧૨ સુધીમાં અનંતછાયા, રૂમ નં.૭૫માં શ્રી કિરીટભાઈ કુરૂવાને પહોંચાડવા વિનંતી કરાઈ છે. વસ્તીપત્રકના ફોર્મ ન મળ્યા હોય. સંપર્કઃ કિરીટભાઈ-૯૩૨૦૮૮૦૧૯ અને લતા-૯૩૨૪૦૨૮૯૩૨

સંઘ દ્વારા સપ્ટેમ્બરની મહાકાલી માતાજીની ભાવના માતુશ્રી જયાબેન મોતીચંદ લોડાયા પરિવાર (મોટીખાવડી) તરફથી તા.૨૯-૯-૧૨ના ભણાવવામાં આવી હતી. ભાવિકોની હાજરી સારી હતી. ઓક્ટોબર ભાવના તા.૨૭-૧૦-૧૨ના રાત્રે ૯ ક. ભણાવવામાં આવશે. સર્વેને હાર્દિક ભાવભર્યું આમંત્રણ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન મંડળ-નવી મુંબઈ

મંડળના ઉપક્રમે નવી મુંબઈવાસીઓનું સ્નેહમિલન રંગારંગ કાર્યક્રમ ભુમિરાજ કોસ્ટારીકા હોલમાં રવિ. તા.૭-૧૦-૧૨ના સાંજે યોજાયેલ. ધારિણી મોતા અને સાથી કલાકારો દ્વારા મ્યુઝીકલ હાઉસી તથા ઑક્ટેસ્ટ્રાની રંગત માણી અને દાંડીયા-રાસની રમઝટ જમાવી. કાર્યક્રમનું સૂત્ર સંચાલન શ્રીમતી ચાંદની પરેશ લાલકાએ સંભાળેલ. મંડળની આગામી પ્રવૃતિ તા.૨૩-૧૧-૧૨ના ખામગામ, શેગાંવ, અંતરીક્ષજી પાર્શ્વનાથ વગેરે પ્રવાસયાત્રા જાહેર કરાઈ.

કાર્યક્રમને સફળ બનાવવા શ્રી અરવિંદભાઈ, શ્રી ઉત્તીનભાઈ, શ્રી કિરણભાઈ, શ્રી હંસરાજભાઈ, શ્રી જયેશભાઈ, શ્રી નિમેશભાઈ, શ્રી ભરતભાઈ, શ્રીમતી રંજનબેન તથા શ્રીમતી પૂનમબેન વગેરે ખૂબ જહેમત લીધી.

જ્ઞાતિ વસતીપત્રક સમિતિ વતીથી શ્રી કીરીટ મુનવર, તથા શ્રી ઉદય મોતાએ સૌ સભ્યોને વસ્તીપત્રક ફૉર્મ ભરવા અંગે માર્ગદર્શન કરેલ. ફોર્મ ભરવાનો પ્રશ્નોનું નિરાકરણ કરી સારી રીતે સમજણ આપી. અંતમાં જમણનો આનંદ લઈ સૌ છૂટા પડ્યા.

## અનંતનાથ કોમ્પ્લેક્સમાં નવરાત્રિ-શરદપુર્ણિમા

નવરાત્રીમાં દરરોજ બપોરે ૪ વાગે મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવશે. સાંજે આરતીબાદ ૭.૩૦થી ગરબા તથા દાંડીયારાસ રહેશે. કાર્યક્રમ બાદ નાસ્તા-અલ્પાહાર, પ્રસાદનો લાભ રાખવામાં આવશે. આઠમના ૭.૩૦ કલાકે પહેલી આરતી બાદ વિવિધ રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. જેમાં રાસ ગરબા-દાંડીયા, ગજીઓ-તાબડીરાંઘ, સાંસ્કૃતિક વેશભુષા વિગેરે વિવિધ હરીફાઈઓ યોજાશે. જેમાં ઉત્તમ રજુઆત કરનારા વ્યક્તિ અથવા ગ્રુપ ઇનામને પાત્ર ઠરશે. જેના ઇનામો શરદપૂર્ણીમા તા.૪-૧૧-૧૨ના કાર્યક્રમમાં અપાશે. આ આયોજન કોમ્પ્લેક્ષના પરીસરમાં આવેલ ફ્લેટધારકો, પરિવારો અને ગાળાધારકોના યોગદાનથી કરેલ છે. હરીફાઈના નિર્ણાયકો તરીકે પરબ શક્તિ સંજીવની સોસાયટીની અધિકારી બહેનો લાભ આપશે. સર્વે કાર્યક્રમોમાં પધારવા મહેમાનોને ભાવભર્યુ આમંત્રણ છે.

## શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુન્ડ

મુલુન્ડ પરિસરમાં રહેતા જ્ઞાતિપરિવારોએ પોતાના ૮મા વસતીપત્રક ફોર્મ તુરંત ભરી ગુરૂવાર તા.૧૮-૧૦, ૨૫-૧૦ અને ૧-૧૧ના રાત્રે ૯.૩૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધીમાં અને રવિ. તા.૨૮-૧૦ના સવારે ૧૧ થી ૧૨.૩૦ માં મંડળના કાર્યાલયે આપી જવા જણાવાયું છે.

## બેલ્લારી-કચ્છી-ગુજરાતી સમાજ

અહીં પર્યુષણ પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યું. પર્યષણમાં દરરોજ સવારે દેરાસરમાં ભક્તામર, સ્નાત્રપૂજા ભણાવવામાં આવી. સાંજે શ્રી સોમચંદ ધનજી મુનવરના નિવાસસ્થાને પ્રતિક્રમણ કરવામાં આવ્યું. પાંચમના મોટું પ્રતિક્રમણ શ્રી ગૌતમ કિશોર ખોનાના નિવાસસ્થાને થયેલ. ૬ઠના સામૂહિક ક્ષમાપના કાર્યક્રમમાં સૌ. હીના રાજેશ મુનવર તથા સૌ. જ્યોતિ ભરત મુનવરના અઠ્ઠાઈ તપ નિમિતે શ્રી સોમચંદ ધનજી મુનવરના નિવાસસ્થાને રાખવામાં આવેલ. બહેનોએ સાંજી નિમિતે તપસ્યા ગીત ગાયા પછી અલ્પાહાર લઈ કરીને છૂટા પડ્યા.

ચૈત્રપરિપાટી નિમિત્તે શ્રી સોમચંદ ધનજી મુનવર તરફથી બેલ્લારીથી ૬૫ જણાં હુબલી સંઘયાત્રાએ ગયેલ. હુબલી મહાજને નવકારશી, બપોરે જમણ અને ચૌવિહારની વ્યવસ્થા કરી હતી. દેરાસરમાં સ્નાત્રપૂજા ભણાવવામાં આવી. હુબલીના દસ દેરાસરોના દર્શન કર્યા રાત્રે સંઘે શ્રી નયન રતનશી મૈશેરીના ઘરે પગલા કર્યા બાદ રાત્રે બેલ્લારી માટે પ્રસ્થાન કર્યું.

## બેલ્લારી-સમાજ

અત્રે શ્રી વિજય મેઘજી મૈશેરી તથા શ્રી શરદ મેઘજી મૈશેરીની શ્રી પાર્શ્વમણી કૉટન મિલ્સના નામે ઓન લાઈન જીનિંગ-પ્રેસિંગ ફેક્ટરીના ઉદ્ઘાટન પ્રસંગ નિમિત્તે સવારના પૂજા તેમજ બપોરના જમણ રાખવામાં આવેલ. સૌએ મૈશેરી પરિવારને નવા સાહસ બદલ શુભેચ્છા આપી હતી અને જમીને રજા લીધી.

## બેલ્લારી-ગુજરાતી મહિલા સેવા મંડળ

મંડળની મિટિંગ સૌ. નીમા નરેન્દ્ર સાવલા તરફથી પાર્કમાં રાખવામાં આવેલ. જ્યાં નવરાત્રીની ઉજવણી અને ઉત્તીર્ણ વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ બાબત ચર્ચા કરવામાં આવી. પછી મનોરંજન માટે ગેમ્સ રમાડવામાં આવી. "ઓમ" બોલવાની ગેમમાં પ્રથમ પુરસ્કાર સૌ. ધનવંતી ત્રિકમજી ધરમશી તથા દ્વીતીય પુરસ્કાર સૌ. નયના અશોક ખોનાને મળેલ. લકી લેડીનું ઈનામ સૌ. નયના ખોના તથા સૌ. ચાર્મી નિખિલ મૈશેરીને ઈનામ મળેલ. ત્યારબાદ સૌ કન્નડ જમણ જમીને છુટા પડ્યા.

## સાંયરા

અત્રે તા.૨૮-૯-૧૨ના સંઘ તરફથી મહાકાળી ભાવના ભણાઈ. પુનમ ૨૯-૯-૧૨નાં મા. ગંગાબાઈ લીલાધર મોમાયા તરફથી સ્વામીવાત્સલ્ય જમણ હતું. જ્ઞા.૧૦નું સંઘપુજન ભાગ્યવંતી હીરાચંદ મોમાયા (જલગામ) તરફથી થયેલ. તા.૩૦-૯ના મા. માણીબાઈ ખેતશી મોમાયા હ. ઉતમભાઈ તરફથી સ્વામીવાત્સલ્ય હતું. તેમના તરફથી રાત્રે મહાકાળી ભાવના હતી. ભાવનામાં સૌએ સારી રમઝટ જમાવી.

## કાવ્ય-પ્રકાશ : તીરથ

મા-બાપ કી સેવા કી હીં નહીં,
તીરથ કરને સેં ક્યા ફાયદા..?
જીવનભર પુત્ર પ્રેમકો તરસતે રહે;
ઉનકી તસવીર કો ચંદનહાર પહનાને સેં ક્યા ફાયદા?
તીરથ હજારોં કીયે, મા બાપ કો અકેલા કીયા,
ઉસ તીરથ પર જાને સેં ક્યા ફાયદા?
પ્રભુ મુર્તિ સામને ઘંટો બૈઠા રહા,
મા બાપ સેં પલભર મિઠે બોલ બોલ ન શકા
મુર્તિ સામને બૈઠને કા ક્યા ફાયદા ?
આજ ઉન બીતી, કલ તુમ ભી બીતે તો ક્યા હોગા?
મા બાપકી સેવા કર કે જીવન સુધાર લેને મેં હી આજ ફાયદા..

*- જયંત મેઘજી લોડાયા (આકોલા)*


**જ્ઞાતિબહેનો માટે ખુશખબર**

**પૈઠણી સાડીઓ, ડ્રેસ મટેરીયલ ફેન્સી સાડીઓ અને ભરત કામ બોર્ડરોનું સેલ**

**સૌ. ગુંજન મુકુંદ દંડ** (લાલા-નાંદગામ)

પ્રસ્તુત છે...

**તા.૨૭ અને ૨૮ ઓક્ટોબર ૨૦૧૨ના**

યેવલાની પ્રસિધ્ધ પૈઠણી સાડીઓ, પૈઠણી ડ્રેસ મટેરીયલ, ફેન્સી સાડીઓ અને હસ્તકામથી તૈયાર થયેલ ભરતકામની બોર્ડરો...

**-: સ્થળ :-**

પ્રભાબેન તિલોકચંદ શાહના નિવાસસ્થાને,
૯, ખેતશી ચત્રભોજ વાડી, મુનિસુવ્રત દેરાસર સામે,
કામાગલી, ઘાટકોપર (વે), મુંબઈ-૪૦૦૦૮૬
**ફોનઃ 25105384 / 9702544095 /**
**સંપર્ક : 09423962325 (ગુંજનબેન)**

**તા.૨૭ અને ૨૮ ઓક્ટોબરે ઓર્ડરો સ્વીકારશે.**
નિહાળો આકર્ષક, શાનદાર અમુલ્ય સાડી-ડ્રેસનો ખજાનો અને પસંદગીની આઈટેમો બુક કરાવો.

જ્ઞાતિબહેનોને પધારવા આમંત્રણ...

Parita Dharamsey 9869206525
Prashant Dharamsey 9029236366

**PARITA COLLECTION**

**Specialist : Jaipuri Cotton, Dress Material**

262/70 Narshi Natha Street, 86, Anant Niwas,
4th Floor, Bhat Bazar, Mumbai-400009
e-mail : paritacollection@gmail.com

**ગિરીશ લોડાયા-09892019133 / 09967771141**

**AVSAR**

**CATERING SERVICES**

***Simply the Best...***

**અવસર કેટરીંગ સર્વિસીસ**

**કોઈપણ પ્રસંગે શ્રેષ્ઠ સ્વાદ, ઉત્તમ સર્વિસ**

B-1, 505, સાઈ આશિષ, બી.આર. રોડ,
મુલુન્ડ (વે), મુંબઈ-૮૦. ફોન : 022-21649611

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નવીનચંદ ડી. સોની** | જી-૨, ચીન્નાકેશવ એપા. વેસ્ટ એન્ડ કોલોની, બાંદલાગુડા સન સીટી હૈદરાબાદ ફોનઃ૯૯૪૯૮૦૨૩૦૧ |
| **ધનપતિ મેઘજી નાગડા** | બી-૩, ૩૧૧, ભારત કોમ્પ્લેક્સ, રતનશીનગર રોડ, સાંગલી-૪૧૬૪૧૬ |
| **હીરાચંદ જે. નાગડા (નલીયા)** | ૬૦૪, સાંઈ હેરીટેઝ, અશોકનગર, નાહુર રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૮૦ |
| **શાંતિલાલ લાલજી છેડા (સુથરી)** | ૭૦૧ સુમંગલ, નીલમનગર ફેઝ II, મુલુન્ડ (ઇ), મુંબઈ-૮૧ ફોનઃ ૯૩૨૧૪૭૮૨૭૦ |
| **ચીમનલાલ હીરજી નાગડા (નલીયા)** | G-1001, આશિર્વાદ એન્કલેવ, અલથાણ ભીમરાડ કેનાલ રોડ, સુરત ફોનઃ ૯૩૨૮૬૯૬૦૪૩ |
| **ઉર્મીલા દેવશી દંડ** | ૨૦, વર્ધમાન, ઓઘડભાઈલેન, એમ.જી. રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૭ ફોનઃ ૨૧૦૨૮૬૫૧ |
| **ચેતનાબેન દિલીપ ધરમશી** | સુખશાંતિ જયશંકર નગર, પેટ્રોલ પંપની બાજુમાં, ચાલીસગામ-૪૨૪૧૦૧ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨-૯-૧૨ | વાપી | KRLO-0205 | હસ્તી-પ્રકાશ શાંતિલાલ લોડાયા | કોઠારા | કન્યા |

### સગપણ છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯-૧૦-૧૨ | વડાલા | DADA010204 | સચીન ભાઈચંદ કેશવજી ડાઘા | દલતુંગી | ૩૨ |
| | વડાલા | DALO011003 | સ્નેહલ ભરત રાયચંદ લોડાયા | દલતુંગી | ૨૯ |
| ૬-૧૦-૧૨ | અંધેરી | RPDU | ચિરાગ સોમચંદ વેલજી ધુલ્લા | રાપરગઢ | ૨૭ |
| | ઘાટકોપર | NLLA | મેઘના આશિષ વીરેન્દ્ર લાપસીયા | નલીયા | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪-૧૦-૧૨ | સુથરી | SUDD010601 | લીરિશ ગુલાબચંદ નરશી દંડ | સુથરી | ૪૪ |
| ૫-૧૦-૧૨ | સેંઘવા | VVLA110601 | સરલાબેન વિરેન્દ્ર આણંદજી લાલકા | વારાપધર | ૬૭ |
| ૬-૧૦-૧૨ | હૈદ્રાબાદ | VVMT417 | ઝવેરબેન લાલજી પરબત મોતા | વારાપધર | ૮૬ |
| ૬-૧૦-૧૨ | નલીયા | NLLI020101 | જીવરાજ દેવજી નરશી લાપસીયા | નલીયા | ૮૬ |
| ૮-૧૦-૧૨ | માંડવી આશ્રમ | TRLO100102 | નરેન્દ્ર માલશી પદમશી લોડાયા | તેરા | ૬૧ |

**સુધારો :** પ્ર.સ.અંક ૩૧માં પાનાં નં.૮ની જા.ખ.માં "જીવન સંધ્યા" નિભાવ ફંડમાં રૂા.૧ લાખનું દાન શ્રીમતિ રીટાબેન માણીકાંત લોડાયાના બદલે શ્રી ઠાકરશી નાગશી લોડાયા (જખૌ-મુલુન્ડ)ના સ્મરણાર્થે હ. શ્રી માણીકાંત ઠાકરશી લોડાયા વાંચવું.

શ્રી મોડપુર તીર્થ જિર્ણોધ્ધારની આમંત્રણ પત્રિકામાં રૂા.૩૬૦૦૦/-ના કુપન લાભ મા. માણીબેન શીવજી દેવજી ખોના પરિવાર હ. નલીન શીવજી ખોના (રંગપુર) એ લાભ લીધેલ છે. જેમના નામમાં શરતચુક થયેલ જે બદલ મિચ્છામિક્કડમ્.

અંક ૩૮માં નાશિક મહાજનના સમાચારમાં પ્રમુખ શ્રી પ્રદીપ દેવશી લોડાયા છપાયું છે જે સુધારીને પ્રદીપ પદમશી દેવશી લોડાયા વાંચવું.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

અચલગચ્છાધિપતિ પૂ.આ.શ્રી ગુણોદયસાગરસૂરીજીના ૮૧મા જન્મદિને હાર્દિક વંદના સહ વધામણાં...
- તન-મન ટુર પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

# ભાવભીની શ્રદ્ધાંજલિ



સૂર્યોદય
૧૭-૯-૧૯૩૧

સૂર્યાસ્ત
૨૦-૯-૨૦૧૨

માતુશ્રી નંદકુંવરબેન મેઘજી મોતા
કચ્છ-તેરા ઇંદોર (મધ્ય પ્રદેશ)

*જીવન રૂપી બાગમાં પુષ્પ બની ખીલી ગયા*
*થઇને ધૂપસળી સર્વત્ર સુવાસ પ્રસરાવી ગયા*

## માં તુજે સલામ...

**પુત્ર - પુત્રવધુ**
અનિલ - ચારૂલતા
સુનિલ - ચૌલા

**પૌત્ર - પૌત્રવધુ**
અર્પિત - પૂજા
વરુણ - નેહા
મલય

**દીકરી - જમાઈ**
વીણા - વસંત લોડાયા, વાપી
હંસા - લહેરી લોડાયા, મુલુંડ
ઉષા - હરિશ દંડ, ભાંડુપ
આશા - સતેન્દ્ર લોડાયા, નાગપુર
તૃષા - રાજેન્દ્ર લાલકા, વિક્રોલી

## અગત્યની સુચના

"પ્રકાશ-સમીક્ષા"માં પ્રકાશન માટે મોકલાતી જાહેરાતદારોએ જાહેરાતની મેટર સ્વચ્છ-સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. મેટર સાથે ફોટા હોય તો તેની પાછળ વિગત લખી મોકલવી. નેટથી મોકલનારાઓએ ફોન કરી વિગત અને ફાઇલ નામ જણાવવું. પોતાની રીતે તૈયાર કરી મોકલનારાએ પ્ર.સ.ની નિયત સાઇઝ મુજબ તૈયાર કરી .jpg, .pdf કે .cdr open file with convert to curve ફોરમેટમાં મોકલવી. અને શક્ય હોય તો સીડીમાં પ્રિન્ટઆઉટ સાથે મોકલવા. પાછળથી સુધારા નહી થઈ શકે.

જા.ખ. મોકલનાર જા.ખ.ની સાઈઝ, કલર કે B/W, બીલીંગ નામ-સરનામું અને ફોન કે ઈમેઇલ વિગત મોકલવી. જા.ખ.નું સાઈઝ મુજબ થતું નિયત દર મુજબનું પેમેન્ટ જા.ખ. સાથે જ અગાઉથી મોકલવું.

જેમના પણ જા.ખ. પેમેન્ટ બાકી હોય તેમણે તુરંત પેમેન્ટ મોકલાવી હિસાબો નિયમિત રાખવા સહકાર આપવા વિનંતી છે. આ સિવાય અધુરાશવાળી બાબતો પેન્ડીંગ રહેવા કે ન છપાવવા સંભવ છે.

જ્ઞાતિના દરેક મહાજનો અને સંસ્થાઓને વિનંતી છે કે જ્ઞાતિને સ્પર્શતી બાબતોના દરેક સમાચાર ટુંકમાં મુદ્દાસર નિયમિતપણે મોકલવા. સમાચાર જાણવાનો જ્ઞાતિનો હક્ક છે અને એ સમાચાર મોકલવાની દરેકની ફરજ બને છે. આ ઉપરાંત જ્ઞાતિજનોને ઉપયોગી માહિતી, લેખ, ચર્ચાપત્ર, કાવ્ય અને આપના મંતવ્ય-સુચનો જરૂર મોકલવા. દરેક માહિતી તેની અગત્યતા મુજબ સમય અનુકુળતાએ યોગ્યત: છપાશે.

પ્રકાશિત થયેલ બાબતમાં ક્યાં કોઇ શરતચુક-ભુલો હોય તો સુધારા લેખિતમાં મોકલવા. આપના સુચનો આવકાર્ય છે.

## હાર્દિક અભિનંદન !



**કુ. વૈશાલી મહેશ નવીનચંદ્ર ખોના** (ઉ.વ.૨૩)
(મોટી ખાવડી-હુબલી)

કુ. વૈશાલીએ Final Yr. Diploma in Interior-Decoration માં 88.9% (First Class with Dsitinction) મેળવી અમારા પરિવારનું અને ગામનું નામ રોશન કર્યું છે. ભવિષ્યમાં હજી પણ પ્રગતિ કરે એવી

**શુભેચ્છાઓ સહિત અભિનંદન !!**

દાદાણાં : **મા. શાંતાબાઈ નવીનચંદ ખોના પરિવાર**
માતા-પિતા: **સૌ. મીના મહેશ ખોના**
નાનાણાં : **નવલબાઈ કાંતિલાલ લુઠીયા પરિવાર** (અલપઈ)
ભાઈ-બહેન : **ભુમિકા , ઉર્વશી, નિકિતા તથા પ્રણય**

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# પ્રાર્થના



સવારના પહોરમાં એલાર્મ ઘડિયાળના અવાજથી હું સખત ચિડાઈ જાઉં છું. મારા પર ચારે તરફ ચાદર વીંટાળી દઉં છું. સવારના પહોરમાં આ અવાજ મને સૌથી ખરાબ અને કર્કશ લાગે છે: "છતાં હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે હું સાંભળી તો શકું છું! જગતમાં એવા હજારો માણસો છે કે સાંભળી પણ નથી શકતા."

સવારમાં ઉગતા સોનેરી સૂર્યની સાથે આકાશમાં કેટલા અવનવા રંગો ફેલાતા હોય છે! એ વેળા હું ઉંઘતો હોઉં છું. એ સ્વર્ગીય દૃશ્યો જોવાની હું પરવા પણ કરતો નથી. "છતાં હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે હું જોઈ તો શકું છું! જગતમાં હજારો અંધ માણસો છે, એ તો કંઈ પણ જોઈ નથી શકતા."

સવારે ઊઠી ગયા પછી પણ ખાટલો છોડતાં મને ખૂબ જ આળસ આવે છે. માંડ માંડ હું ઉભો થાઉં છું. "છતાં હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે હું ઉભો તો થઈ શકું છું! જગતમાં હજારો માણસો એવા છેકે જે વર્ષોથી ખાટલાવશ છે. ઉભા પણ નથી થઈ શકતા.

ઊઠ્યા પછીની મારી સવાર પણ ધમાલભરી જ હોય છે. બાથરૂમમાં ઘુસેલું બાળક જલદી નીકળે જ નહીં, નાસ્તો તૈયાર ન હોય, પત્નીની બૂમાબૂમ, ઘરડાં માતા-પિતાના આરોગ્યની ફરિયાદો વગેરે...વગેરે... "છતાં હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે તેં મને કુટુંબ તો આપ્યું છે! કંઈકેટલાયે માણસોને તો સાવ એકલવાયું જીવન જ જીવવું પડતું હોય છે."

મારું ઘર આમ જોઈએ તો સાવ સામાન્ય છે. ફિલ્મો કે મેગેઝિનમાં આવતાં ઘર જેવું એ જરા પણ ન લાગે. ફર્નિચર પણ સાવ સામાન્ય જ છે, તો પણ હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે મારે પોતાનું ઘર તો છે! હજારો માણસોને ઓઢવા માટે આભ અને પાથરવા માટે પૃથ્વી સિવાય કંઈ પણ મળતું નથી. એ લોકો કરતાં તો હું કેટલાગણો ભાગ્યશાળી છુ?!!!

મારા ઘરે બનતું ભોજન પણ કોઈ રેસ્ટોરાં કે હોટલ જેવું ક્યારેય નથી હોતું. મિષ્ટાન્ન પણ ક્યારેક જ બને છે, પણ છતાં "હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે તું મને ભોજન તો આપે છે! અસંખ્ય માણસો રોજ ભૂખ્યા જ સૂઈ જાય છે."

મારૂં કામ પણ રોજ એનું એ જ - મૉનોટોનસ-અકળાવનારું હોય છે. છતા "હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે તેં મને બેકાર તો નથી બનાવ્યો!!"

અને અંતમાં હે પ્રભુ! મારું જીવન મારા સપનાના જીવન જેવું નથી જ. મેં જેવું જીવન કલ્પ્યું હતું તેવું મારું જીવન જરાક પણ નથી. છતાં "હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર માનું છું કે હું જીવું તો છું...!!! મારી સાથેના કેટલાય લોકોને તો જિંદગી જ નસીબ નથી થઈ...!

તારો આભાર હું માનું તેટલો ઓછો છે પ્રભુ! તેં મને કેટલું બધું આપ્યું છે! જોવા અને ગણવા બેસું છું તો તેં મને બધું જ આપેલું છે. તારો આભાર ભગવાન!

*("મોતીચારો" પુસ્તકમાંથી સાભાર)*

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**